# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–**આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–** (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર–૩૬૪૦૦૨ ફોન : (૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧
- પ.પૂ.મહાત્મા યોગેશ્વરજી અને પૂ.મા સર્વેશ્વરી વિષે તેમજ તેમના દ્વારા લખાએલ ધર્મગ્રંથો, પ્રાર્થનાઓ, ભજનો વિષે જાણવા માટે વેબસાઈટ swargarohan.org જુઓ.
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશિષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can download the pdf file of Adhyatma From Website www.swargarohan.org**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર વાણી | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૯ |
| એકાગ્રતા અને ધ્યાન | શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી | ૧૪ |
| ચિત્તની એકાગ્રતા | શ્રી વિનોબા ભાવે | ૧૮ |
| હિમાલયના પત્રો—ચિત્તશુદ્ધિ | યોગેશ્વરજી | ૨૪ |
| બધું જ ભૂલાવી દે | યોગેશ્વરજી | ૩૦ |
| પૂ.શ્રી યોગેશ્વરજી પ્રાગટ્યદિન પર્વ | શ્રી રાજુભાઈ જાની | ૩૧ |
| આધ્યાત્મિક પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૩૫ |
| સ્વામી વિવેકાનંદ અને શ્રી રામકૃષ્ણપરમહંસ વચ્ચે થયેલ અભૂતપૂર્વ સંવાદ | સંકલન : નારાયણ જાની | ૪૧ |
| ત્રણ દુર્લભ વસ્તુઓ | યોગેશ્વરજી | ૪૬ |
| પાત્રતા | શ્રી રાજુભાઈ જાની | ૫૧ |
| માગણી પહોંચે તે પહેલા મદદ કરે તે ઈશ્વર | ડૉ.શરદ ઠાકર | ૫૫ |
| જીવનની ચાર મહાભૂલો | સ્વામી કાશીકાનંદજી | ૬૨ |

卐

# સદ્‌ભાવભરી સહાય

—મા સર્વેશ્વરી

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુના એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયા. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેનની યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યા છે.

આભાર. ધન્યવાદ

ૐ



# શ્રી યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

## શ્રાવણી

તહેવારોના બીજા લાભો તો અનેક છે. પરંતુ એમણે રાષ્ટ્રીય સંસ્કૃતિની અખંડિતતા અને સુરક્ષિતતાને અક્ષય રાખવામાં કેટલો બધો મહત્ત્વનો સહયોગ પ્રદાન કર્યો છે એ ખાસ વિચારવા જેવું છે. એમણે પ્રદેશના, દિશા-પ્રદિશાના કે કાળના, ભાષાના, મતમતાંતરના, વેશભૂષાના ને સભ્યતાવિષયક પરંપરાગત આચારવિચારના બાહ્ય ભેદભાવોને ભૂંસી નાખીને કે ગૌણ કરીને રાષ્ટ્રીય એકતાની દૈવી દૃષ્ટિનું સર્જન ને સંવર્ધન કરવામાં જે મહત્ત્વનો ફાળો આપ્યો છે એ અતિશય અમુલખ છે.

વરસોથી એમણે પ્રત્યક્ષ કે પરોક્ષ, જ્ઞાત કે અજ્ઞાત રીતે, એ દિશામાં કાર્ય કર્યું છે. શ્રાવણીના પવિત્ર પર્વનો જ વિચાર કરો, એ પર્વનો ઉત્સવ ઉત્તર-દક્ષિણ-પૂર્વ ને પશ્ચિમ સર્વત્ર થાય છે. બધા જ પ્રદેશની, સમસ્ત રાષ્ટ્રની પ્રજા એનો એકસરખો આદર કરે છે.

પરંતુ આપણા પર્વો ને તહેવારોને જીવંત કરવા ને શક્તિશાળી બનાવવા માટે એમની પાછળના જીવનોપયોગી શક્તિસંચારક સંદેશને સમજવાની આવશ્યકતા છે. એ સંદેશને લીધે જ એ આટલાં બધાં વરસોથી અમર રહીને નિત્યનૂતન જેવા જણાઈ રહ્યા છે. શ્રાવણીના પર્વની પાછળનું પ્રયોજન પણ કાંઈ નાનું-સૂનું તો નથી જ.

ભારતના પ્રાતઃસ્મરણીય ઋષિવરોએ માનવજીવનનું ધ્યેય કે સાર્થક્ય ભૌતિક સુખસમૃદ્ધિની પ્રાપ્તિમાં કે ખાવા-પીવામાં ને ઈન્દ્રિયજન્ય ભોગપદાર્થોના સેવનમાં નહોતું માન્યું. આ દ્રશ્યમાન જગતની અંદર ને બહાર રહેલી સર્વોપરી સર્વશક્તિમાન સત્તા કે ચેતનાને ઓળખવાની સાધનાનો આધાર લઈને એ સત્તાના સતત સંપર્ક દ્વારા સનાતન શાંતિની સિદ્ધિ કરવાના ધ્યેયની એમણે સ્મૃતિ કરાવેલી. જીવનની ઉત્તરોત્તર ઉદાત્તતા દ્વારા 'સત્યં શિવં સુંદરમ્'નો સાક્ષાત્કાર કરવામાં જ જીવનનું સાર્થક્ય સમાયેલું છે એવો એમનો અભિપ્રાય હતો. પ્રજા એ સનાતન સંદેશનું સદા સ્મરણ કરે અને એને જીવનમાં મૂર્તિમંત કરવાની વિચારપૂર્વકની સાધનાનો આશ્રય લે તે માટે એ સંદેશને એમણે જુદાજુદા પર્વોમાં ગૂંથી લીધો. શ્રાવણીનું પરંપરાગત પર્વ એવા જ સર્વોપયોગી શાશ્વત સંદેશનું સ્મરણ કરાવે છે.

શ્રાવણીના પવિત્ર દિવસે યજ્ઞોપવિતને બદલવામાં આવે છે. યજ્ઞોપવિત પહેરનારા લોકો સવારે વહેલા ઉઠે છે ને સરિતાના સુંદર તટપ્રદેશ પર કે સમુદ્રકિનારે ભેગા થાય છે. ત્યાં અથવા એવા જ બીજા કોઈ સાનુકૂળ સ્થળમાં ભાતભાતની વિધિ કરવામાં આવે છે ને **यज्ञोपवितं परमं पवित्रं तथा यज्ञोपवितं बलमस्तु तेजः** બોલીને યજ્ઞોપવિત બદલવામાં આવે છે. જે અપરિણીત હોય તે ત્રણ સુત્રવાળા યજ્ઞોપવિતને ધારણ કરે છે. બળ તથા તેજ પ્રદાન કરનાર એ યજ્ઞોપવિતના ત્રણ સૂત્રો ત્રિગુણાત્મિકા પ્રકૃતિની, સ્વપ્ન, જાગૃતિ, સુષુપ્તિ-ત્રણ



અવસ્થાની, સ્થૂળ, સૂક્ષ્મ, કારણ-ત્રિવિધ શરીરની ને ત્રિલોકની સ્મૃતિ કરાવે છે. જીવ પ્રકૃતિના ગુણોમાં આસક્ત હોવાથી સુખદુઃખ જેવા દ્વંદ્વોમાં ને બંધનમાં પડેલો છે. ગીતાની ભાષામાં કહીએ તો

**पुरुषः प्रकृतिस्थो हि, भुङ्क्ते प्रकृतिजान्गुणान् ।**
**कारणं गुणसङ्गोऽस्य, सदसद्योनिजन्मसु ॥ १३-२१ ॥**

એ બંધન અવિદ્યાને લીધે છે. અવિદ્યાની એ ગ્રંથિને તોડવાથી જીવ દ્વંદ્વાતિત તથા બંધનમુક્ત બને છે ને કૃતાર્થ થાય છે. એ પછી એને માટે સ્વરૂપનો સાક્ષાત્કાર સહજ બની જાય છે. યજ્ઞોપવિતને ધારણ કરનારે સંધ્યા ગાયત્રી જેવા નિત્યકર્મો કરવા પડે છે, ને જીવનની સાત્ત્વિકતાને વધારવાને માટે કેટલાંક વ્રતો તથા નિયમોનું પાલન કરવું રહે છે. જીવનમાં આત્મદર્શનના અલૌકિક આદર્શને નજર સમક્ષ રાખીને એની પૂર્તિ માટે પ્રયત્નો કરતાં એ ભારે જાગૃતિપૂર્વક આગળ વધે છે. એનાથી અનીતિ, અન્યાય, અધર્મ અથવા અનાચારનો આધાર ભૂલેચૂકે પણ નથી લઈ શકાતો.

આટલા બધા મહાન સંદેશને પ્રદાન કરનાર અને જીવનને તેજસ્વી, ઉજ્જવળ, પરમાત્મપરાયણ બનાવવાની દીક્ષા આપનાર યજ્ઞોપવિતની ભાવના વખતના વીતવા સાથે વિલુપ્ત થવા લાગી છે અને એને ધારણ કરનારા કેવળ ધારણ કરીને ને શ્રાવણીના દિવસે લોકાચાર પૂરતું એનું સ્મરણ કરીને જ સંતોષ મેળવે છે એ દુઃખદ છે. પર્વ રહ્યું છે, પરંતુ પર્વનો પ્રાણ નથી રહ્યો.

ગાયત્રીદેવીને **ગાયત્રીં ત્ર્યક્ષરાં બાલાં સાક્ષસૂત્રકમંડલુમ્** કહી છે, એના પરથી સૂચિત થાય છે કે વૈદિક કાળમાં કન્યાઓને યજ્ઞોપવિત આપવામાં આવતું. પાછળથી એ પ્રથાનો લોપ થવાથી સ્ત્રીનું લગ્ન થતાં એના વતીનું યજ્ઞોપવિત પુરુષ પહેરી લેતો. આજે પણ એ પ્રથા પ્રચલિત હોવાથી પુરુષ લગ્નજીવનમાં પ્રવેશ કરીને છ સૂત્રોવાળા યજ્ઞોપવિતને ધારણ કરે છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ કન્યાઓને યજ્ઞોપવિતને પહેરાવવાની પ્રાચીન પ્રથાને પુનર્જીવિત કરી છે અને એ પ્રથા ક્યાંક ક્યાંક ચાલે છે પણ ખરી. પરંતુ પ્રથાની પાછળના પ્રયોજનની સ્મૃતિ ચાલુ રહે તો જ તે પ્રાણવાન બને છે. પુરુષો જ યજ્ઞોપવિતના મર્મને સમજીને એનો ઉચિત લાભ નથી લેતા તો સ્ત્રીઓમાં એનો પ્રચાર કરવાનો ઉત્સાહ કોઈ ભાગ્યે જ દર્શાવશે.

શ્રાવણીને રક્ષાબંધન પણ કહે છે. એ દિવસે ભાઈને બેન રક્ષા બાંધે છે. કહે છે કે માતા કુંતીએ અભિમન્યુને રક્ષા બાંધેલી. જો એમ જ હોય તો તો રક્ષા કોઈ પણ બાંધી શકે છે. પરંતુ ભાઈ-બેનની ભાવના ને સ્નેહીજનોની સદભાવના પૂરતું મર્યાદિત બનેલું આ પર્વ પણ જીવન પરિવર્તનમાં, પ્રેમીજનોના પારસ્પરિક પ્રેમસંબંધને દ્રઢાવવામાં ઉપયોગી બની શકે તેમ છે. એ રીતે વિચારતા એની મહત્તા કે ઉપયોગિતા સ્પષ્ટ છે.

રક્ષાબંધન આ પવિત્ર પુણ્ય-અવસર પર આપણે ભારતમાતાને પ્રેમપૂર્વક અંતરના અંતરમમાંથી રક્ષા બાંધીએ ને સંકલ્પ કરીએ કે ભારતમાતાની શાનને વધારવા બનતું બધું જ કરી છુટીશું. એને વધારે ને વધારે સુખી ને સમૃદ્ધ કરવા પ્રયત્નો



કરીશું અને એવી રીતે એનાં સાચાં સંતાનો બનીશું. એની સ્વતંત્રતાને ને શાંતિને, પ્રતિષ્ઠાને અને એકતા તથા અખંડિતતાને આંચ આવે એવું ભૂલેચૂકે પણ કશું નહીં કરીએ. એની આઝાદી, એકતા અને અખંડિતતાને અકબંધ રાખવા કોશિશો કરીશું. એના સાચા સૈનિકો બનીશું. આપણા દેશને એવા સંકલ્પો તથા પ્રયત્નો કરનારા આત્માઓની ખૂબ જ આવશ્યકતા છે. શ્રાવણીના પવિત્ર પર્વમાંથી એને માટેની પ્રેરણાની પ્રાપ્તિ કરીને તદનુસાર સેવાકાર્યમાં લાગી જઈએ, ને ભારતમાતાના ગૌરવને હૃદયમાં ધારણ કરીને એના ઉત્કર્ષ સારું પોતપોતાના ક્ષેત્રમાં રહીને પુરુષાર્થ કરીએ તો આજનું પર્વ સફળ બનશે ને શ્રેયસ્કર થઈ પડશે.

બુદ્ધિમાનોની બુદ્ધિ અને ચતુરોની ચતુરાઈ એમાં છે કે તેઓ અસત્ય શરીરથી મને સત્યને અને મર્ત્ય શરીરથી મને અવિનાશીને પ્રાપ્ત કરી લે.

**–શ્રીમદ્ભાગવત**


**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૯ સપ્ટેમ્બર—૨૦૧૭ અંક ૧૨**

## શ્રી યોગેશ્વર કથામૃત

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ

**દિન ૪૪**

**તા. ૩૦-૧૨-૮૨, ગુરુવાર, માગશર સુદ પૂનમ ૨૦૩૯**

**એસ્કોટથી લેડીસ્મિથ શહેર**

આજે સાંજે વળી લેડીસ્મિથ નામના શહેરમાં જવાનું છે.

આ ઉતારો પણ સારો છે. ભોજન હાથે બનાવી લેવાનું છે. તેથી મનગમતું ભોજન બનાવવામાં આનંદ રહે છે. આજે ખીર ને કઠોળનું ભોજન બનાવીને લીધું.

મુલાકાત સમયે ખાસ ચર્ચા ન થઈ. એસ્કોટ શહેરની આસપાસ ગાડીમાં ફરવા જવાનું થયું.

દરેક શહેરની બહાર દૂર આફ્રિકન એરિયા હોય છે. અહીં પણ સરકાર મકાનો બનાવે છે ને મહિને ત્રણ રેન્ડના ભાડે આપે છે. આફ્રિકન એરિયામાં આપણાથી મંજૂરી વિના ના જવાય. ત્યાં જવાનું ખાસ કામ તો ન પડે, પણ આપણે ત્યાં કોઈ ઉત્સવ હોય ને ભોજન



વધારે બન્યું હોય તો આફ્રિકન શાળામાં તે આપવા માટે જવાનું બને તો ત્યાંના આચાર્ય જ તે મંજૂરી મેળવી લે છે.

આફ્રિકન નોકર આપણા ઘર કે દુકાનમાં કામ કરતો હોય તો તેનું સરકારમાં રજિસ્ટ્રેશન આપણે કરાવવું પડે છે. રજિસ્ટ્રેશન વિના કોઈ નોકર આપણે ત્યાં રહે તો દંડની શિક્ષા થાય છે. રજિસ્ટ્રેશનને લીધે આફ્રિકનોની ગુનાવૃત્તિથી ઈન્ડિયનોને થોડું રક્ષણ મળે છે.

આફ્રિકન એરિયાને દૂરથી જોયા બાદ અહીં નદી ઉપર મોટો બંધ બંધાયો છે તે જોવા જવાનું બન્યું. ત્યાં લોકો ઉજાણી નિમિત્તે રહે પણ છે. તે માટે બધી જ સગવડો ત્યાં હોય છે.

આ ઉતારાની આસપાસ બાગ છે, જેમાં બદામ, અંજીર, પ્લમ, લીંબુ વિગેરે ફળોનાં વૃક્ષો આવેલાં છે. વળી, બાવળનું વૃક્ષ પણ છે. તેમાંથી ચાર દાતણ અમને આગ્રહ કરીને આપે છે. દક્ષિણ આફ્રિકામાં લીલા બાવળનાં દાતણ પણ થાય છે.

આજે પણ ગઈ કાલની જેમ અહીંથી વિદાય લેવાની છે. લેડીસ્મિથ નામનું શહેર અહીંથી એક કલાકના મોટરમાર્ગે છે. ત્યાંથી યજમાન પોતાની ગાડી લઈને લેવા આવી જાય છે. તેથી સાડા ચાર વાગ્યે અહીંથી વિદાય થઈએ છીએ.

સાડા પાંચ વાગ્યે લેડીસ્મિથ નામના શહેરમાં આવી જઈએ છીએ. આ શહેર મહાત્મા ગાંધીજીના જીવન-કાર્ય સાથે સંકળાયેલું છે. ગાંધીજી જે નાનકડા મકાનમાં રહેતા હતા ત્યાં એક મોટો હૉલ ને મંદિર છે. બહાર મેદાનમાં ગાંધીજીની ઊભી પ્રતિમા છે. અહીં ટ્રસ્ટ બન્યું છે. સેવાની નાની પ્રવૃત્તિઓ થાય છે. હૉલમાં એક તરફ વિશાળ મંચ ને સામે ખુરશીઓ છે. મંચની બીજી બાજુ પ્રવેશતાં જ મંદિર છે, જેમાં વિષ્ણુ, કૃષ્ણ, રામ, જગદંબાની મૂર્તિઓ છે.

અમે ગયાં ત્યારે મંદિરમાં દીપ પ્રગટી રહ્યા હતા. કેટલાક શ્રોતાઓ સામેની ખુરશીઓ ઉપર, તો કેટલાક નીચે ડનલોપની નાની નાની ગાદીઓ ઉપર બેઠા હતા. અમને વિચાર આવ્યો કે અમારે ક્યાં બેસવાનું હશે. આયોજક અમારી સાથે હતા તેઓ પણ એક ખુરશી ઉપર બેસી ગયાં. આખરે અમે પૂછ્યું કે, અમારે ક્યાં બેસવાનું છે તો આયોજક કહે કે તમારે જ્યાં બેસવું હોય ત્યાં. એમ કહી ખુરશીઓ લાવીને મૂકી. અમે ખુરશી ઉપર તો બેઠાં, પણ ખુરશીઓ નાની હતી ને પગ તો નીચે લટકતા હતાં. બે કલાકમાં તો પગ દુઃખી જાય. પલાંઠી વળે એમ ન હતું.

પૂ.શ્રીએ થોડી વાર પછી પૂછ્યું કે આપ વ્યાસપીઠ જેવું કંઈ નથી બનાવતા? તોપણ કોઈએ એ ટકોરની નોંધ ન લીધી. ત્યાં તો એક ભાઈ બહારથી આવ્યા. પૂ.શ્રીને પ્રણામ કરી પૂછવા લાગ્યાઃ અમારું દક્ષિણ આફ્રિકા આપને ગમ્યું? ગરમી કેવી લાગે છે? પૂ.શ્રીએ તેમને જવાબ આપ્યા પછી તે આવનાર ભાઈને પણ વ્યાસપીઠ અંગે વાત કરી, તો તે ભાઈએ વળી ત્રણચાર ગંદી ગાદીઓ ત્યાં ગોઠવાવી દીધી. પૂ.શ્રીએ કહ્યું કે, આના ઉપર ધોયેલી ચાદર હોય તો લાવો. તે ભાઈએ તે પણ મંગાવી લીધી. તે દરમ્યાન આયોજકે કે યજમાન પતિ-પત્નીએ કે શ્રોતાઓના કોઈ પણ વર્ગે એ મહત્વની વાતની નોંધ પણ ન લીધી.

છેવટે ગાદી ઉપર ચાદર પથરાવીને પૂ.શ્રી બેઠા. પૂ.શ્રીએ કહ્યું કે, વ્યાસપીઠ ના બનાવતા હોય તો આપણી તેમને શીખવવાની ફરજ છે.

જ્યારે સામાન્ય શિષ્ટાચાર પણ ઘણીવાર આ દેશમાં દેખાતો નથી ત્યારે પૂ.શ્રી શિષ્ટાચારની સમજ પ્રેમપૂર્વક આપતા રહે છે.



સંતોનું કાર્ય જ માનવને આદર્શ બનાવવાનું છે.

જેની પાસેથી પ્રવચન સાંભળવાનું છે, જ્ઞાનની કે સત્સંગની બે વાતો શીખવાની છે તેને બેસવાનું સ્થાન ક્યાં ને કેવી રીતે આપવું એની સામાન્ય ગતાગમ પણ જ્યારે નથી હોતી ત્યારે તેવા સંજોગોમાં તે ચલાવી ના લેતાં તેમને આદર્શ વાત શીખવવી એ સંતોની ફરજ છે. તેવી ફરજ પૂ.શ્રી હિંમતપૂર્વક બજાવી શકે છે. અત્યાર સુધી અહીં આવતા સંતો કે કથાકારો અહીંની જનતાની જે રીતભાત છે તેને કદાચ મૂંગે મોઢે સ્વીકારી લેતા હશે, આમ, એમને સાચી રીતભાતની સમજ કોણે પૂરી પાડે? પૂ.શ્રી જેવા કોઈક જ એવી હિંમત કરી શકે. જેને આદર્શ રીતભાત ગમે તે જ બીજાને પણ શીખવી શકે ને!

પ્રવચન ગુજરાતીમાં થયું. અહીં હજારોની સંખ્યામાં હિન્દીભાષી ભાઈબહેનો વસે છે, પણ તેમને તેનો લાભ ના મળ્યો. ફક્ત ગુજરાતીઓ માટે જ એ કાર્યક્રમ રાખ્યો હતો. શ્રોતાઓ પૈકી બે ભાઈઓએ કહ્યું કે આજે આપનો અંગ્રેજી કાર્યક્રમ હોત તો ઘણા બધા લાભ લઈ શક્યા હોત. પૂ.શ્રીએ કહ્યુંઃ એ બધું તો ગોઠવનાર પર આધાર રાખે છે. અમે તો જનતાને વધુ લાભ મળે એવું જ ઈચ્છીએ.

પ્રવચન બાદ પ્રશ્નોત્તરી થઈ. તેમાં નીચેના પ્રશ્નો શ્રોતાઓમાંથી પુછાયાઃ

(૧) જીવનમાં સુખ ને દુઃખ મળે છે તે પૂર્વ કર્મને લીધે મળે છે. તો હવે એ દુઃખો ના મળે તે માટે શું કરવું?

(૨) મોક્ષ પછી માનવ કેટલો વખત ત્યાં રહી શકે?

(૩) કેટલાક જ્ઞાનની દુનિયામાં વહેલા જાગે છે, તો કેટલાક

મોડા જાગે છે. આનું શું કારણ?

(૪) માનવજન્મ પછી આપણો બીજો જન્મ શાનો થાય?

પૂ.શ્રીએ સંતોષકારક જવાબો આપ્યા. છેવટે આરતી થયા બાદ સૌ વિદાય થયાં.

★ ★ હરિઃ ૐ ★ ★

**દિન ૪૫**

**તા. ૩૧-૧૨-૮૨, શુક્રવાર, માગશર વદ એકમ ૨૦૩૯**

**લેડીસ્મિથ શહેરથી ન્યુ કાસલ શહેર**

લેડીસ્મિથમાં મળસ્કે ચાર વાગ્યે કૂકડાનો અવાજ સંભળાયો. ભારતમાં પણ કૂકડાઓ મળસ્કે જગાડતા હોય છે. જાણે કે એક જીવતુંજાગતું એલાર્મ ઘડિયાળ ! અહી બાજુના કમ્પાઉન્ડમાંથી તે અવાજ આવતો હતો. આ ઈન્ડિયન એરિયામાં અહીંની મ્યુનિસિપાલિટીએ ભારતનાં શહેરોનાં નામ અહીના જુદા જુદા માર્ગોને આપ્યાં છે. પૂના રોડ, મદ્રાસ રોડ વગેરે. અમારો ઉતારો લાહોર રોડ ઉપર હતો. મુસ્લીમો જ આ રોડ ઉપર રહેતા હશે એવું લાગે છે.

ગઈ કાલે એસ્કોટમાં પણ ઈન્ડિયન એરિયામાં બે વિભાગ જોયા હતા. જેમાં મકાનો સરકારી હોય અને ઈન્ડિયનો ભાડે રહે અને અમુક વરસે તેઓ માલિક થાય તે વિભાગને બંગલાદેશ કહેતા હતા; જ્યારે ઈન્ડિયનો પોતે જમીન લે અને પોતાની રીતે સ્વતંત્ર રીતે મકાનો બનાવે તે વિભાગને અપનાદેશ કહેતા હતા. ત્યાં બધા માર્ગોના નામ આ દેશનાં જુદાં જુદાં ફૂલોનાં નામ પરથી હતાં.

સવારે નિત્યક્રમ એ જ રહ્યો. ભોજન અહીં પણ જાતે બનાવી લીધું. ખીચડી ને શાકનું ભોજન લઈ, મુલાકાત સમયે યજમાન સાથે

(અનુસંધાન પૃષ્ઠ ૬૪ પર)



# એકાગ્રતા અને ધ્યાન

**–શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી**

**નિશ્ચિત ધ્યેય પ્રત્યે ગતિ કરવા માટે ધ્યાન આવશ્યક છે**

એક વખત એક મોટરચાલક પૂરઝડપે પોતાની મોટર ચલાવતો હતો. તેને પોતાના શહેરમાં જવું હતું પણ તે રસ્તો ભૂલી ગયો હતો. આથી તેણે મોટર ઊભી રાખીને ત્યાંથી પસાર થઈ રહેલા એક વિદ્યાર્થીને પૂછ્યું : ‘મારે આ શહેરમાં જવું છે, તો હું આ રસ્તે પહોંચી શકીશ ?’

‘હા, જરૂર પહોંચી શકશો !’

‘અહીંથી કેટલું દૂર છે !’ તેણે પૂછ્યું.

આ વિદ્યાર્થી ભૂગોળનો અભ્યાસ કરતો હતો. તેણે કહ્યું : ‘અહીંથી પચીસ હજાર માઈલ દૂર છે.’ પછી મોટરચાલકે પૂછ્યું : ‘અને જો હું આ બીજે રસ્તે જાઉં તો ?’

‘તો માત્ર બે માઈલ દૂર છે.’

આ કહેવાનો અર્થ એ થયો કે પૃથ્વી ગોળ છે, એટલે ક્યારેક ને ક્યારેક તો તમે ફરી ફરીને પણ તમારા ગંતવ્ય સ્થળે પહોંચી જ જશો. આપણે સહુ સંસારના કામકાજમાં એટલા બધા ડૂબેલા છીએ કે આપણને એટલું વિચારવાની પણ ફુરસદ મળતી નથી કે આપણા જીવનનો ઉદ્દેશ શો છે, આપણા જીવનની મોટરને આપણે પૂરઝડપે હંકારીએ છીએ પણ આપણે સાચી દિશામાં જઈ રહ્યા છીએ કે નહીં એનો ખ્યાલ રાખતા નથી. આપણા રોજિંદા જીવનમાં થોડીક ક્ષણો પણ જો આપણે ધ્યાનમાં ગાળીએ તો આપણે જીવનની સાચી દિશા સમજી શકીએ છીએ અને

સાચી દિશા મળતાં એ પ્રમાણે જીવનને પણ ગોઠવી શકીએ છીએ. જેઓ જીવનમાં કોઈ ધ્યેયને પ્રાપ્ત કરવા ઇચ્છે છે અથવા જીવનને નિરર્થક વેડફી દેવા માગતા નથી તેઓ માટે પણ ધ્યાનની અત્યંત આવશ્યકતા છે અને આધ્યાત્મિક રીતે આગળ વધવા માટે તો ધ્યાન અનિવાર્ય બની રહે છે.

રામકૃષ્ણ મઠ અને મિશનના દશમા પરમાધ્યક્ષ સ્વામી વીરેશ્વરાનંદજી મહારાજ એક જાપાની છોકરા વિશેની સુંદર વાતો કહેતા, 'એક ગામડામાં આ છોકરો કોઈને ત્યાં નોકર હતો. એક દિવસ તેના માલિકે તેને નજીકના શહેરમાં જઈને ચીજવસ્તુઓ ખરીદી લાવવા કહ્યું.' એ ચીજવસ્તુઓની યાદી અને તે માટેના પૈસા પણ તેને આપ્યા. છોકરો શહેરમાં તો આવ્યો, પણ તે કોઈવાર શહેરમાં ગયો ન હતો, એટલે શહેરમાં દાખલ થતાં તે ત્યાંના ભભકાથી, ત્યાંની આકર્ષક દુકાનોથી અંજાઈ ગયો અને તે એક દુકાનેથી બીજી દુકાને જોતાં જોતાં ફરતો રહ્યો. આમ ને આમ તે પોતે શહેરમાં શા માટે આવ્યો છે, તે જ ભુલાઈ ગયું. સાંજે છેલ્લી બસ ગામડે જવાની હતી ત્યારે તેને ભાન આવ્યું કે તેને તો ગામડે પાછું જવું પડશે એટલે તે તુરત જ બસમાં ચડી ગયો. ઘરે પહોંચ્યો ત્યારે માલિકે પૂછ્યું : 'બધી વસ્તુઓ ક્યાં ?'

'અરે, એ બધું લેવાનું તો હું ભૂલી જ ગયો !'

આપણી સ્થિતિ પણ આવી જ છે. આપણે આ પૃથ્વી ઉપર આવીને સાંસારિક કાર્યોમાં અને ભૌતિક આકર્ષણોમાં એટલા ડૂબી જઈએ છીએ કે મનુષ્ય રૂપે જન્મ લેવાનો, આ જીવન ધારણ કરવાનો મૂળ ઉદ્દેશ જ ભૂલી જઈએ છીએ. દરરોજ થોડો સમય ધ્યાન કરવાથી, આપણા મનનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન



કરવાથી આપણે આપણા કાર્યના હેતુ પ્રત્યે, આપણા જીવનના હેતુ પ્રત્યે સચેતન થઈ શકીએ છીએ. આ સંદર્ભમાં શ્રીમા શારદાદેવી કહે છે : 'તમારી ફરજ બજાવવા ઉપરાંત જપ, ધ્યાન અને પ્રાર્થના કરવાની પણ ખૂબ જરૂર છે. ઓછામાં ઓછું સવારે ને સાંજે તો એ બધું કરવું જ જોઈએ. આ જાતનો અભ્યાસ એ હોડીના સુકાન જેવો છે. સાંજે પ્રાર્થનામાં બેસતી વખતે પોતે આખા દિવસમાં સારાં કે નરસાં કેવાં કાર્યો કર્યાં છે, તેનો વિવેકબુદ્ધિથી વિચાર કરવો જોઈએ. જો તમે કામકાજની સાથે સાથે ધ્યાન કરો નહીં તો પછી તમે શુભ કરી રહ્યા છો કે અશુભ એની ખબર કેમ પડે ?' આમ, ધ્યાન દ્વારા મનુષ્ય પોતાનું આંતર-નિરીક્ષણ કરી શકે છે. પોતાનું વિશ્લેષણ કરી પોતાના જીવનને નિરર્થક ભટકતું અટકાવીને સાચા ધ્યેયની દિશામાં ગતિમાન કરી શકે છે, એટલું જ નહીં પણ એ ગતિને વેગ પણ આપી શકે છે.

### દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરવા માટે ધ્યાનની આવશ્યકતા

વેદકાલીન ઋષિમુનિઓએ સ્વસ્થ અને નીરોગી સો વર્ષનું આયુષ્ય મનુષ્ય ભોગવી શકે છે, એ પ્રતિપાદિત કરી આપ્યું છે. તેઓ પોતે પણ એવું નીરોગી જીવન જીવતા હતા. કેમ કે તેમનું જીવન પ્રકૃતિની સાથે સંકળાયેલું હતું અને તેઓ દરરોજ પ્રાતઃકાળે નિયમિત ધ્યાન દ્વારા પોતાના ચેતાતંત્ર ઉપર કાબૂ રાખી શકતા હતા. તેના પરિણામે તેઓ દીર્ઘાયુષી હતા. ધ્યાન દ્વારા આયુષ્યને લંબાવી શકાય છે, આપણા જીવનમાં વધતા જતા તણાવોને જો ઓછા કરી શકીએ તો આપણા જીવનની સમતુલન સ્થિતિ એટલે કે મૃત્યુને પાછળ ધકેલી શકીએ. ધ્યાન માનસિક તણાવોને ઓછા કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે

અને મૃત્યુને પાછળ ધકેલે છે. આમ, ધ્યાન દ્વારા મનુષ્ય પોતાના આયુષ્યને લંબાવી શકે છે. વળી, રોગો ઉપર કાબૂ મેળવવાથી, શરીરનું સ્વાસ્થ્ય સારું રહેવાથી પણ મૃત્યુ પાછળ હટે છે. એટલું જ નહીં પણ ધ્યાન મનના ઊંડામાં ઊંડા પ્રદેશોમાં લઈ જાય છે. એના પરિણામે અચેતન મનમાં રહેલા સંસ્કારોને સમજવાની દૃષ્ટિ મળે છે. આથી મનુષ્ય આંતરિક રીતે પણ સ્વસ્થ બને છે. પોતાના મન ઉપર કાબૂ મળવાથી બહારની પરિસ્થિતિઓમાં પણ તે સ્વસ્થ રહી શકે છે. આ રીતે ધ્યાન મનને સુસ્થિર બનાવે છે. તેને પરિણામે પણ મનુષ્ય નિરામય આયુષ્ય ભોગવી શકે છે.

**સ્થળ અને કાળની અતીત જવા માટે ધ્યાનની આવશ્યકતા**

સામાન્ય રીતે મનુષ્ય સ્થળ, કાળ અને કારણમાં બંધાયેલું પ્રાણી છે. આથી જ મન દ્વારા પૂર્ણ ચેતનાને પામી શકાતી નથી કે જાણી શકાતી નથી. પૂર્ણ સત્યની કે શાશ્વત શાંતિની પ્રાપ્તિ માટે મનથી અતીત જવું જરૂરી છે. અને એ માટે એકમાત્ર ધ્યાન જ અસરકારક સાધન છે. આધુનિક વૈજ્ઞાનિકોએ પણ મનની પ્રગાઢ શાંતિમાં મનની કઈ સ્થિતિ છે, તેની સમજૂતી ભૌતિક વિજ્ઞાનનાં તથ્યો દ્વારા પ્રમાણિત કરેલી છે. ધ્યાનનો થોડોઘણો પણ નિયમિત અભ્યાસ અચેતન મનની બાધાઓને ધીરે ધીરે દૂર કરી પરમ શાંતિ મેળવવાની પ્રક્રિયામાં સહાયભૂત થાય છે. આ રીતે ધ્યાન દ્વારા મનને પરમ શાંતિમાં સ્થિર કરી શકાય છે. અને એવા મનથી જે કાર્યો થાય છે, એમાં જીવનની સફળતા રહેલી છે. અને જીવનની સૌથી મોટી સફળતા તો પરમ સત્યને પામવાની અને તેમાં જીવન જીવવાની છે. એ સફળતા ધ્યાન જ આપી શકે.



# ચિત્તની એકાગ્રતા

–વિનોબા ભાવે

## ચિત્તની એકાગ્રતા :

ધ્યાનયોગમાં ત્રણ બાબતો મુખ્ય છે. ૧. ચિત્તની એકાગ્રતા, ૨. ચિત્તની એકાગ્રતાને માટે જરૂરી જીવનની પરિમિતતા એટલે કે તેનું માપસરપણું અને ૩. સામ્યદશા અથવા સમદ્રષ્ટિ. આ ત્રણ બાબતો વગર સાચી સાધના થાય નહીં. ચિત્તની એકાગ્રતાનો અર્થ છે ચિત્તની ચંચળતા પર અંકુશ. જીવનની પરિમિતતા એટલે સર્વ ક્રિયાઓ માપસર હોય તે. અને સમદ્રષ્ટિ એટલે વિશ્વ તરફ જોવાની ઉદાર દ્રષ્ટિ. આ ત્રણ વાતો મળીને ધ્યાનયોગ બને છે. આ ત્રણે સાધનોની કેળવણીને માટે વળી બીજાં બે સાધનો છે. તે છે અભ્યાસ અને વૈરાગ્ય, આ પાંચે બાબતોની થોડી ચર્ચા કરીએ.

પહેલી ચિત્તની એકાગ્રતા. કોઈ પણ કામને માટે ચિત્તની એકાગ્રતા જરૂરી છે. વહેવારની વાતોમાં પણ એકાગ્રતા જોઈએ છે. વહેવારના ગુણો જુદા ને પરમાર્થના ગુણો જુદા એવું કંઈ નથી. વહેવાર શુદ્ધ કરવો તેનું જ નામ પરમાર્થ છે. કોઈ પણ વહેવાર કેમ ન હોય, તેમાંનો જશ-અપજશ, તમારી એકાગ્રતા પર આધાર રાખે છે. વેપાર, વહેવાર, શાસ્ત્રશોધન, રાજકારણ, મુત્સદ્દીગીરી ગમે તે લો, હરેકમાં જે સફળતા મળશે તેનો આધાર તે તે પુરુષની ચિત્તની એકાગ્રતા પર છે. નેપોલિયન વિષે એમ કહેવાય છે કે એક વખત યુદ્ધની વ્યવસ્થા બરાબર ગોઠવી દીધા પછી રણક્ષેત્ર પર તે ગણિતના સિદ્ધાંત ઉકેલવા બેસી જતો. તંબૂ પર ગોળા પડે, માણસો મરતાં હોય પણ નેપોલિયનનું ચિત્ત

બસ ગણિતમાં મશગૂલ. નેપોલિયનની એકાગ્રતા બહુ જબરી હતી એમ મારું કહેવું નથી. એના કરતાં ઊંચા પ્રકારની એકાગ્રતાના દાખલા બતાવી શકાય. પણ તેની પાસે એકાગ્રતા કેટલી હતી તે જોવાનું છે. ખલીફ ઉમરની એવી જ વાત કહેવાય છે. લડાઈ ચાલુ હોય ત્યારે પણ પ્રાર્થનાનો વખત થતાંની સાથે ચિત્ત એકાગ્ર કરી ઘૂંટણિયે પડી રણાંગણમાં ભર લડાઈની વચ્ચે તે પ્રાર્થના કરવા માંડતો. અને પ્રાર્થનામાં તેનું ચિત્ત એટલું નિમગ્ન થઈ જતું કે કોનાં માણસો કપાય છે તેનો ખ્યાલ પણ તેને રહેતો નહીં. પહેલાં મુસલમાનોની આવી પરમેશ્વરનિષ્ઠાને લીધે, આ એકાગ્રતાને લીધે જ ઈસ્લામ ધર્મનો ફેલાવો થયો.

પેલે દિવસે એક વાત મારા સાંભળવામાં આવી. એક મુસલમાન સાધુ હતો. તેના શરીરમાં બાણ પેઠું. તે બાણને લીધે તેને ખૂબ વેદના થતી હતી. બાણ કાઢવા જાય તો હાથ લગાડતાંની સાથે વેદના વધારે થતી. આમ એ બાણ કાઢવાનું પણ બને એમ નહોતું. આજે નીકળી છે તેવી બેભાન કરવાની ક્લોરોફોર્મ જેવી દવા પણ તે વખતે નહોતી. મોટો સવાલ ઊભો થયો. તે સાધુ વિષે જે લોકોને માહિતી હતી તેમાંના કેટલાક જણે આગળ આવીને કહ્યું, 'અત્યારે બાણ કાઢવાનું રહેવા દો. આ સાધુ પ્રાર્થનામાં બેસશે એટલે પછી તે બાણ કાઢીશું.' સાંજે પ્રાર્થનાનો વખત થયો. સાધુ પ્રાર્થનામાં બેઠો. એક પળમાં તેના ચિત્તની એવી એકાગ્રતા થઈ ગઈ કે પેલું બાણ તેના શરીરમાંથી ખેંચી કાઢ્યું તોયે તેને ભાન સરખું ન થયું. કેટલી બધી આ એકાગ્રતા !

સારાંશ, વહેવાર હો કે પરમાર્થ હો, તેમાં ચિત્તની એકાગ્રતા



વિના જશ મળવો મુશ્કેલ છે. ચિત્ત એકાગ્ર થાય તો સામર્થ્ય કદી ઓછું નહીં પડે. તમે સાઠ વર્ષની ઉંમરે પહોંચ્યા હશો તોયે એકાદ જુવાન આદમીના જેવો તમારો ઉત્સાહ ને તમારું સામર્થ્ય દેખાશે. માણસ જેમ જેમ ઘરડો થતો જાય તેમ તેમ તેનું મન કઠણ થતું જવું જોઈએ. ફળનું જુઓને ! પહેલાં તે કાચું, લીલું હોય છે. પછી પાકે છે, સડી જાય છે, કોહી જાય છે અને નાશ પામે છે. પણ પેલું અંદરનું બી કઠણ ને કઠણ થતું જાય છે. બહારનું કલેવર સડી જાય, ખરી જાય, પણ બહારનું કલેવર ફળનું સારસર્વસ્વ નથી. ફળનું સારસર્વસ્વ, તેનો આત્મા બી છે. શરીરનું પણ એવું જ છે. શરીર ઘરડું થાય તો પણ યાદદાસ્ત વધતી જ જવી જોઈએ. બુદ્ધિ તેજસ્વી થવી જ જોઈએ. પણ એવું થતું નથી. માણસ કહે છે, 'હમણાં હમણાંનું કંઈ યાદ રહેતું નથી.' કેમ ? હવે ઉંમર થઈ. તારું જ્ઞાન, તારી વિદ્યા, તારી યાદદાસ્ત એ તારું બી છે. શરીર ઘરડું થતાં જેમ જેમ ઢીલું પડતું જાય તેમ તેમ અંદરનો આત્મા બળવાન થવો જોઈએ. એટલા સારું એકાગ્રતા જોઈએ.

એકાગ્રતા જોઈએ તો ખરી, પણ તે કરવી કેવી રીતે ? તે સારું શું કરવું જોઈએ ? ભગવાન કહે છે, આત્મામાં મન પરોવી **न किंचिदपि चिंतयेत्** – બીજા કશાનું ચિંતન ન કરવું. એ વાત સધાય કેવી રીતે ? મન નિતાંત, શાંત, સ્વસ્થ કરવાની વાત બહુ મહત્ત્વની છે. વિચારનાં ચક્રો જોર કરીને ફરતાં અટકાવ્યા વગર એકાગ્રતા કેવી ? બહારનું ચક્ર ગમે તેમ એક વાર ફરતું અટકાવી શકાય, પણ અંદર ચક્ર ફર્યા જ કરે છે. ચિત્તની એકાગ્રતાને માટે બહારનાં સાધનો જેમ જેમ બતાવીએ તેમ તેમ

આ અંદરનું ચક્ર વધારે ને વધારે જોરથી ફરવા માંડે છે. તમારે જોઈએ તો આસન વાળો, ટટાર બેસો, નજર સ્થિર કરો, પણ એટલાથી મનને એકાગ્ર નહીં કરી શકાય. મુખ્ય વાત એ છે કે મનની અંદરનું ચક્ર ફરતું બંધ કરતાં આવડવું જોઈએ.

બહારનો અપરંપાર સંસાર મનમાં ભરેલો હોય છે. તેને રોક્યા વગર એકાગ્રતા અશક્ય છે. આપણા આત્માની અપાર જ્ઞાનશક્તિ બહારની ક્ષુદ્ર વસ્તુઓમાં આપણે વાપરી નાખીએ છીએ. પણ એમ ન થવું જોઈએ. જેમ બીજાને ન લૂંટતાં પોતાની મહેનતથી પૈસાદાર થયેલો માણસ ખોટી જગ્યાએ પૈસા નહીં ખરચે તેમ આપણા આત્માની જ્ઞાનશક્તિ આપણે નજીવી ચીજોના ચિંતનમાં વાપરી ન નાંખીએ. આ જ્ઞાનશક્તિ આપણી અણમોલ મૂડી છે પણ સ્થૂળ વિષયોમાં આપણે તેને વાપરીએ છીએ. આ શાક સારું થયું એમાં મીઠું ઓછું પડ્યું છે. કેટલી રતી અલ્યા ઓછું પડ્યું ? મીઠાની અરધી કણી ઓછી પડી એ મહાન વિચારમાં ને વિચારમાં આપણું જ્ઞાન વપરાઈ જાય છે. નાના છોકરાંને નિશાળની ચાર દિવાલ વચ્ચે ગોંધીને ભણાવે છે. ઝાડ નીચે લઈ જઈને બેસાડીએ તો કહે છે કે કાગડા ને ચકલાં જોઈને તેમનું મન એકાગ્ર નહીં થાય ! આખરે નાનાં છોકરાં રહ્યાં ! કાગડા ને ચકલાં જોવાનાં ન મળે એટલે થઈ ગઈ તેમની એકાગ્રતા ! પણ અમે થયા ખાસા ઘોડા જેવા. અમને શિંગડાં ઊગ્યાં. સાત સાત દીવાલની પાછળ અમને પૂરો તોયે અમારી એકાગ્રતા નહીં થાય. કારણ કે દુનિયાની ઝીણામાં ઝીણી વાતની અમારે ચર્ચા કરવાની રહી ! જે જ્ઞાન ખુદ પરમેશ્વર સુધી પહોંચી શકે તે શાકના સ્વાદની ચર્ચા કરવામાં અમે બગાડીશું ને તેમાં જ કૃતાર્થતા પણ માનીશું !



આવો આ ભયાનક સંસાર રાત ને દિવસ આપણી અંદર ને બહાર ઘુઘવાટા મારે છે. પ્રાર્થના અથવા ભજન કરવામાં પણ આપણો હેતુ બાહ્ય હોય છે. પરમેશ્વર સાથે તન્મય થઈ, ચાલો એક ક્ષણભર પણ સંસારને ભૂલી જઈએ એવી આપણી ભાવના નથી. પ્રાર્થના પણ એક દેખાવ, એવી જ્યાં મનની સ્થિતિ હોય ત્યાં આસન વાળી બેઠા તોયે શું ને આંખો મીંચી તોયે શું ? બધું ફોગટ છે. મન એક સરખું બહાર દોડ્યા કરે છે તેથી માણસનું બધું સામર્થ્ય નાશ પામે છે, કોઈ પણ પ્રકારની વ્યવસ્થા, નિયંત્રણશક્તિ માણસમાં રહેતી નથી. આ વાતનો અનુભવ આપણા દેશમાં આજે ડગલે ને પગલે થાય છે. ખરું જુઓ તો ભારતવર્ષ એટલે પરમાર્થની ભૂમિ. અહીંના માણસો મૂળથી જ ઊંચા વાતાવરણમાં રહેનારાં મનાય છે. પણ એ જ દેશમાં તમારી અને અમારી, આપણી શી દશા થઈ તે જુઓ ! છેક નાની નાની બાબતોમાં આપણે એટલું ઝીણું ઝીણું કાંતીએ છીએ કે તે જોઈને ખરેખર ખેદ થાય છે. નજીવા વિષયોમાં મન ગૂંથાઈ રહેલું છે.

**कथा पुराण ऐकतां । झोपें नाडिलें तत्वतां**
**खाटेवरी पडतां । व्यापी चिंता तळमळ**
**ऐसी गहन कर्मगति । काय तयासी रडती ॥**

—કથાપુરાણ સાંભળવા જઈએ છીએ ત્યાં ખરેખર ઊંઘ આવી જાય છે, અને ખાટલા પર જઈને પડીએ છીએ ત્યારે મન ફિકરચિંતાથી ઘેરાઈ જાય છે. કર્મની એવી ગહન ગતિ છે તેનું રડવું શું ? કથાપુરાણ સાંભળવાને જાઓ છો તો ઊંઘ ચડી બેસે છે, અને ઊંઘને શોધવા નીકળો છો તો ત્યાં ચિંતા ને વિચારનું ચક્કર ફરવા માંડે છે. એક તરફ શૂન્યાગ્રતા છે ને બીજી તરફ

અનેકાગ્રતા છે. એકાગ્રતા ક્યાંયે નથી. એટલો માણસ ઇન્દ્રિયોનો ગુલામ બન્યો છે. એક વાર એક જણે મને પૂછ્યું, 'આંખ અર્ધી ઉઘાડી રાખવી એમ શું કામ કહ્યું છે ?' મેં તેને કહ્યું, તમારા સવાલનો સાદો જવાબ આપું. આંખ પૂરી મીંચી દેવાથી ઊંઘ આવે છે, બરાબર જોર કરીને ખુલ્લી રાખો તો ચારે બાજુ નજર ફરતી રહીને એકાગ્રતા થતી નથી. આંખ મીંચવાથી ઊંઘ આવે એ તમોગુણ થયો. જોર કરીને ખુલ્લી રાખવાથી નજર બધે ફર્યા કરે છે એ રજોગુણ થયો. એટલા ખાતર વચલી સ્થિતિ બતાવી છે. ટૂંકમાં, મનની બેઠક બદલ્યા વગર એકાગ્રતાની આશા ન રાખવી. મનની બેઠક શુદ્ધ જોઈએ. કેવળ આસન વાળીને બેસવાથી તે નહીં મળે. તે માટે બધા વહેવાર શુદ્ધ કરવા જોઈએ. વહેવાર શુદ્ધ કરવો એટલે વહેવારનો ઉદ્દેશ બદલવો જોઈએ. વ્યક્તિગત લાભ નજરમાં રાખી, વાસનાની તૃપ્તિને સારું અથવા એવી જ બીજી બહારની બાબતોને સારું વહેવાર ન કરવો જોઈએ.

વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩

હાશ®

મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી

★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★

ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, રાજકોટ—૩૬૦૦૦૨



# હિમાલયના પત્રો—ચિત્તશુદ્ધિ

—શ્રી યોગેશ્વરજી

દેવપ્રયાગ

તા.૧૭ જુલાઈ, ૧૯૪૫

મારા વ્હાલા આત્મા,

પત્ર તા.૧૪ જુલાઈના રોજ મળ્યો. વાંચી ખૂબખૂબ આનંદ થયો. આર્થિક પ્રતિકૂળતા નોકરી ના કરવાને લીધે ભોગવવી પડે એ દેખીતું જ છે. મારી આંતરિક માન્યતા ને ઈચ્છા પ્રમાણે તો શિક્ષકના કામ જેવી નોકરી તારે માટે વધારે બાધક ના થઈ પડે. પરંતુ તે છોડી દીધી તો પણ કોઈ બીજું કામ મળી રહે તો લઈ લેવામાં વાંધો નથી. આર્થિક સ્થિતિ તેથી સબળ રહે છે. નોકરીને નોકરી સમજીને કરવામાં આવે તો જ બાધક છે. જીવનની પૂર્ણતાની જે મહાન સાધના છે ને જેને માટે જ વાસ્તવિક રીતે આ જીવન છે, તેના એક અંગ તરીકે તેને સ્વીકારવામાં આવે તો જરાય ખોટું નથી. ગમે તેવા સાધનસંપન્ન સાધકને પણ શરીરનિર્વાહની તો જરૂર રહેવાની જ. ને તે માટે તેણે જ્યાં સુધી સંસારમાં છે-ગૃહસ્થરૂપે છે, ત્યાં સુધી તો કોઈને કોઈ પ્રવૃત્તિ ચલાવવી જ પડવાની. કબીર, રૈદાસ, જેવા મહાન સંતપુરુષો પણ જીવનનિર્વાહ માટે ભક્તિની સાથે સાથે સામાન્ય કામકાજ પણ કરતા. ફક્ત તેમનાં ચિત્ત આઠે પહોર ઈશ્વરના ચરણોમાં આસક્ત હતા, તેમનાં હૃદય ઈશ્વરાનુરાગનો ઉચ્ચોચ્ચ આસ્વાદ લેવામાં અનુરક્ત હતાં, ને તેથી જ બાહ્યવૃત્તિ તેમને માટે બાધક નહોતી થતી, કિન્તુ તે કામકાજની સામાન્ય વૃત્તિ મટીને કાર્ય થઈ જતી. હા, જીવનનિર્વાહના એક જરૂરી અંગ તરીકે એવા

કારણને સ્વીકારવું જોઈએ. એવું કાર્ય લેવું જોઈએ જે કેવલ આર્થિક લાભવાળું જ નહીં, મન તથા આત્માના વિકાસમાં પણ મદદ કરનારું હોય. દુનિયાનાં અનેક કાર્યોમાંથી શિક્ષકનું કાર્ય આને માટે સારું છે પણ બીજાં કાર્યો પણ હોઈ શકે છે. હું માનું છું કે શિક્ષકનું કાર્ય કેવલ અક્ષરજ્ઞાન આપવાનું કે કાંઈક કરીને પૈસા પ્રાપ્ત કરવાનું કાર્ય નથી. તેની પાછળ મહાન ઉદ્દેશ છે. ને તેથી જ જે શિક્ષક છે તેને માથે ભારે જવાબદારી છે. તે સારાયે રાષ્ટ્રનો-રાષ્ટ્રીય જીવનનો રચયિતા છે. ને જ્યાં આને માટે અવકાશ નથી ત્યાંથી પૈસાના લોભને ત્યાગીને ખસી જવાથી શિક્ષક પોતા પર ને દેશ પર ભારે ઉપકાર કરે છે. તું લખે છે કે કેટલીક વાર માત્ર ઈશ્વરની સેવામાં જ રહેવાનો વિચાર આવે છે. ખરું છે. પણ તે માટેનો સમય આ નથી. અત્યારે તો જે ચાલે છે તે જ બરાબર છે. ઈશ્વર જેના પર દયા કરે છે તેના હૃદયમાં પરમ પ્રેમ, અપાર કરુણા ને પવિત્રતા રૂપે પ્રકટ થાય છે. ગૃહસ્થજીવનના આવશ્યક કાર્યની સાથે સાથે ઈશ્વરારાધન કરતાં કરતાં આ સહજ રીતે પ્રાપ્ત થઈ જશે. તેને માટે બાહ્ય કર્મનો સંન્યાસ કરવાની હમણાં જરૂર નથી. દરેકને માટે વિકાસના રાહ વિવિધ હોય છે. તારો વિકાસ કોઈ પણ પરિસ્થિતિમાં થવા સર્જાયેલો છે. કેમ કે પૂર્ણ વિકાસને માટે જ તારું જીવન છે. એટલે નોકરી જેવી બાહ્ય પ્રવૃત્તિને એક આવશ્યકતા માનીને સ્વીકારી લેવી.

બીજી વાત પ્રેમ વિશે છે. તેના ઉત્તરમાં લખવાનું કે પ્રેમ કોઈ રીતે બંધનકારક થતો જ નથી. જે બાંધે છે એટલે કે ગુલામની જેમ પરવશ કરી પોતાની સત્તા ચલાવે છે તે પ્રેમ નથી. તે તો મોહ છે. પ્રેમ તો હંમેશાં મુક્તિદાતા છે. તે તો



બંધનથી ઉન્મુક્ત કરનાર છે. માટે ઈન્દ્રિય તૃપ્તિનો પ્રેમ જે પૂર્ણ પવિત્ર પ્રેમ નથી, તેને સુસંસ્કૃત કરી આત્માના સીધા વ્યવહારમાં માણસે આવવું જોઈએ. પ્રેમમાં પણ વિકારનું તત્ત્વ કો'કવાર (શરૂઆતમાં) આવે છે. પણ તેમાં ને મોહમાં મુખ્ય અંતર એ જ છે કે પ્રેમ મુખ્યત્વે ઈન્દ્રિયો, મન ને શરીરથી પર કોઈ તત્ત્વના આકર્ષણરૂપે પ્રકટ થયેલી વસ્તુ છે, જ્યારે મોહ કેવલ શરીર ને ઈન્દ્રિયો પર જ મુખ્યત્વે રચાયેલી વૃત્તિ છે. એટલે પ્રેમના મૂળ સ્વરૂપને ઓળખવાથી પણ ખૂબ લાભ થાય છે. પ્રેમ એ ઈશ્વરનું જ સ્વરૂપ છે એમ માનવામાં આવે તો પ્રેમ (ભલે સ્ત્રીનો, માતાનો કે કોઈનો પણ) કદી બંધનકારક થઈ શકતો નથી. એમ જ માનવું કે દિવ્ય અનુભૂતિ વાટે પ્રકટ થતો પ્રેમ જે દેવી જગદંબા સારીયે સૃષ્ટિમાં અનેકાનેક રૂપે વ્યાપી રહી છે તે જ પ્રેમનો-તે જ દેવીનો એક પ્રવાહ છે ને દિવ્ય અનુભૂતિ પણ તે જ મહાદેવીનું જીવંત પ્રતિરૂપ છે. આવી દૃઢ અનુભૂતિ આગળ વિકાર એક તિલમાત્રા પણ રહી શકતો નથી ને પ્રેમનો પવિત્ર સ્વાદ મળે છે. બસ. આ જ તો ઈશ્વર છે. આ જ તો ઈશ્વરનો પ્રવાહી પ્રેમોદ્રેક—અવતાર ! ધન્ય હો આવી અનુભૂતિ કરનારને ! ગૃહસ્થજીવનમાં રહીને પણ આ ઉચ્ચોચ્ચ પ્રેમરૂપી પરમેશ્વરનો સાક્ષાત્કાર કરનારને !

સંધ્યા પૂજાની જરૂર હરેકને છે જ એમ નથી. તે તો એક વિધિ છે. મુખ્ય વાત તો એ છે કે તે દ્વારા ચિત્તશુદ્ધિ કરીને માણસે પોતાના પ્રેમના વર્તુલને વિશાળ બનાવવું જોઈએ, રાગ—દ્વેષથી પર થવું જોઈએ, ને ટૂંકમાં દૈવી સંપત્તિના અવતાર જેવું થઈ રહેવું જોઈએ. આ સ્થિતિ પછી સંધ્યા—પૂજા જેવી ક્રિયાઓ આપોઆપ ખરી પડે છે. પણ ઘણા પુરુષો તેવી ઉચ્ચોચ્ચ

અવસ્થા પ્રાપ્ત થયા પછી પણ તેને સાચવી રાખે છે. જેમ કે તોતાપુરી. તારી પણ આ સ્થિતિ થાય એ સ્વાભાવિક છે. તેને માટે સંધ્યા ભલે ના કરે. પરંતુ રાતે અથવા સ્નાનાદિ કર્યા પછી વહેલી સવારે પૂજાને નામે પણ એક સ્થાને બેસવું તો જોઈએ જ. તે સમયે જપ કરવા બહુ ઉપયોગી છે. ૦॥–૦॥ કલાક જપ કરવા જોઈએ. તેની શરૂમાં ને અંતમાં પ્રાર્થના કરવી જોઈએ. ઉપરાંત દિવસના સારાયે ભાગમાં કોઈ પણ કામ કરતાં માનસિક રીતે જપ કરવાનો અભ્યાસ રાખવો જોઈએ. સંસારનો, કામિની–કાંચનનો ને માન પ્રતિષ્ઠાનો મોહ છોડીને જેમણે પોતાનું જીવન ઈશ્વરપરાયણ કર્યું છે ને તે વાટે પરમ શાંતિ મેળવી છે એવા મહાપુરુષોના જીવનનું પણ વારંવાર મનન કરવું જોઈએ. આથી પરાભક્તિ (જેમાં પ્રેમ ને આંસુનો સમાવેશ છે તે) નો વિકાસ થાય છે. આંસુને તથા પોકારોને જ સર્વસ્વ માની લેવાનો જરૂર નથી. વિરહને ને વ્યાકુળતાને જ આખરી સ્થિતિ સમજી બેસી રહેવાનું નથી. પરાભક્તિની સાથે સાથે દિવ્ય દૃષ્ટિ પણ પ્રકટવી જોઈએ, જેમ ગોપીઓ શ્યામને માટે રોતી ને કકળતી હતી. સારાયે જગતને તેનું પ્રકટ રૂપ પણ સમજતી હતી. આવી દિવ્યાનુભૂતિ પવિત્ર હૃદય વિના શક્ય નથી ને, તે જ સાધનાનું સર્વસ્વ છે. વિધિ ને ક્રિયાઓ સર્વ બહિરંગ છે. આ પરમપાવની સ્થિતિ પ્રાપ્ત થયા પછી પરમ શાંતિ પણ પ્રાપ્ત થાય છે. આંસુ ને વ્યાકુળતા ભલે થાય પણ હૃદયમાં એક પ્રકારનો આનંદ હંમેશાં રહે છે. કેમ કે પ્રીતમના મિલનનો નશો સારાયે જીવનમાં વ્યાપ્ત થઈ તેને કૃતકૃત્ય કરી દે છે.

વાસનાઓની પૂર્ણ નિવૃત્તિ વિના શાંતિ નથી. પણ નિવૃત્તિ સાચા અર્થમાં શક્ય નથી. વાસના મનુષ્ય વિકાસમાં બાધક પણ



નથી. ફક્ત તેનું રૂપાંતર કરવું ઘટે છે. જે જાગ્યા છે ને જેના હૃદયમાં દૈવી ને આસુરી સંપત્તિનો સંઘર્ષ થયો છે તે બડભાગી છે. કેમ કે આજે નહીં તો કાલે પણ વાસનાને પૂર્ણ પવિત્ર કરી તે કૃતકૃત્ય બનશે. પણ કમભાગી તો તે છે જેને જાગૃતિ નથી, ને સાંપ્રત સ્થિતિને જ જે સર્વસ્વ માને છે. આ લોકોને શાંતિનો સાચો ખ્યાલ જ નથી.

પ્રિય ભાઈ ! ઈશ્વરને સર્વસમર્પણ કરવાનો આનંદ કેટલો બધો છે ! તે જ બધું સંભાળે ! આપણે કાંઈ પરવા નહીં. દુનિયામાં કદાચ આવા સંપૂર્ણ સત્યની અનુભૂતિ સ્વાભાવિક ના ગણાય. કિન્તુ અમારા એકાન્તિક કુદરતમય જીવનને માટે તો આ શ્વાસ લેવા જેટલી જ સાચી વાત છે. કેમ કે આ કુદરતી પહાડી પ્રદેશમાં વિના યાચના અમે સાનંદ રહીએ છીએ, કેવલ એના પ્રેમ મદિરાની પ્યાલીને અધરે લગાવતાં જીવીએ છીએ. તેવી સ્થિતિમાં યોગક્ષેમની ચિંતા જે કાળજીથી તે વહન કરે છે તે વિચારતાં તો હૃદય ગદગદ્ થઈ જાય છે. ને તેના પ્રેમ માટે આંસુમાં આભાર માન્યા વિના નથી રહેવાતું. ખરેખર, જેણે આ પથનાં પ્રેમનો–પ્રેમ સાગરનો જરાય વિશ્વાસ પ્રાપ્ત કર્યો નથી, તે જ સંસારની અનેકાનેક વસ્તુઓમાં ભટકે છે, નાહકની ચિંતા લઈને ફરે છે.

પ્યારા ! પ્રેમ મદિરાની પ્યાલીને હાથમાં લઈ લો. તેને અધર પર ચઢાવી દો. જુઓ કેવો નશો ચઢે છે ! કેવો આનંદ આવે છે ! જીવનનું સાર્થક્ય આ એક પ્રેમ જ છે. તે પ્રેમની મદિરાના પ્રેમી થઈ જાઓ.

અહીં વાતાવરણ ઘણું જ સુંદર છે. હમણાં હમણાં તો રાતે જ્યારે આકાશમાં ચંદ્રમા ખીલે છે ત્યારે આ શાંત એકાન્ત વનની

કુટિયા અજબ શોભા ધારણ કરે છે. વરસાદ શરૂ થાય છે ત્યારે પણ અજબ શોભા લાગે છે.

અહીં આશ્રમાદિ પ્રવૃત્તિ જેવું કંઈ જ નથી. ખાલી એક સ્વતંત્ર કુટીર જ છે. સ્થાન સુંદર છે. પોલી વાંસળીની જેવી અમારી સ્થિતિ છે. અમે તો પ્રેમની મદિરા પીને પાગલ થયેલા પ્રેમી છીએ ! જેમ ફૂંકવામાં આવે છે તેમ સૂર રેલીએ છીએ ! હા, સારાયે વિશ્વમાં એક જ તત્ત્વની અનુભૂતિ થવાથી ને શાંતિ તથા આનંદને હૃદયમાં જ લઈને ફરતા હોવાથી હરેક કાળ ને દેશમાં અમને આરામ રહે છે.

**★ હિમાલયનાં પત્રોનું પુનઃ પ્રકાશન ★**

'હિમાલયનાં પત્રો'નું ફરીથી પ્રકાશન થઈ રહ્યું છે. તે એકાદ—બે મહિનામાં વાંચકોનાં હાથમાં આવશે. તેની કીંમત પણ ખૂબ જ ઘટાડેલાં દરે એટલે કે રૂા.૧૦૮ (૪૦૦ પાનાનાં ગ્રંથનાં) રાખેલ છે. આ અંગે જે સાધકોને આ પુસ્તક ખરીદવું હોય તેઓ અંબાજી—સ્વર્ગારોહણ અથવા તંત્રી—અધ્યાત્મનો સંપર્ક કરે. તેમનું સરનામું નીચે જણાવ્યા પ્રમાણે છે. કોઈપણ વ્યક્તિએ આ પુસ્તક માટે પહેલાં પૈસા મોકલવાના નથી. માત્ર ખરીદવાનું છે તેની જાણ જ કરવી. આ પુસ્તક ભાવનગર અને સ્વર્ગારોહણ—અંબાજી ખાતેથી મળી શકશે.

**નારાયણ હ. જાની**
**આતાભાઈચોક હવેલી પાસે,**
**૬, વૃંદાવન ફ્લેટ, બીજા માળે**
**ભાવનગર—૧.**



# 'બધું જ ભુલાવી દે'

**—પૂ.શ્રી યોગેશ્વરજી**

**હું તો એમ જ કહું છું**
**કે શાસ્ત્રોનો ભાર તું મારા મસ્તક પરથી ઉતારી દે !**

**કદાચ હું વેદના મંત્રો ને ઉપનિષદનાં રત્નો પણ સદાને માટે વીસરી જઉં;**
**ગીતાનાં ગૌરવ જેવાં વાક્યો પણ વીસરી જઉં,**
**ને જે જે જાણ્યું, વાંચ્યું કે સાંભળ્યું છે તે સઘળું ભૂલી જઉં.**

**હા, વિસ્મરણ એ જ મારી ભિક્ષા થશે;**
**તારી પાસે હું આજે આ ભિક્ષા માગી રહ્યો છું.**

**મારા વાસ્તવિક પ્રામાણિક પ્રેમને પ્રકટ કરવો હોય**
**તો મારું બધુંય ભુલાવી દે.**
**જગતનું ભાન પણ ભલે ના રહે....!**
**આંખ, અંતર ને અંગેઅંગમાં એક તારી જ મૂર્તિને રાખી દે;**
**બીજું બધું જ ભલે ભુલાવી દે !**

**હું તો એમ જ કહું છું**
**કે શાસ્ત્રોનો ભાર તું મારા મસ્તક પરથી ઉતારી દે;**
**તારા વિનાનું બીજું બધું જ ભુલાવી દે.**

# પૂ.શ્રી યોગેશ્વરજી–પ્રાગટ્યદિન પર્વ–૨૦૧૭

**–શ્રી રાજુભાઈ જાની**

સ્વર્ગારોહણ તીર્થની ભૂમિ પર તા.૧૩ થી ૧૫ ઓગષ્ટ પૂ.શ્રી યોગેશ્વરજીના પ્રાગટ્યદિન પર્વનું આયોજન થયું જેમાં સમગ્ર ગુજરાત–મુંબઈના ૧૮૦ જેટલા સાધક ભાઈબહેનો ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમના બે દિવસ સાધના દિવસ તરીકે ઉજવાયાં. જે સાથે 'અધ્યાત્મના અનસ્તસૂર્ય' ગ્રંથના ૫૫ પ્રકરણોનું પૂ.શ્રીમાની વિશેષ નોંધ સાથે પારાયણ થયું. ઉપસ્થિત સાધકોએ વ્યક્તિગત વિશેષ નિયમો લઈ પૂર્ણ કર્યા.

તા.૧૫મીએ પ્રભાતે ૬.૦૦ વાગે શ્રી આશાબેન ભક્તનું એક સુંદર પદ સમુહમાં ગવાયું તે પછી પૂ.શ્રીમાના 'સૂરસરી અંકે' ડીવીડીના દર્શન, સાથે ધ્યાન, સવારે ૭.૩૦ થી ૮.૩૦ વંદના અને ભારત દેશનું સ્વાતંત્ર્ય પર્વ હોવાથી ૮.૩૦ થી ૯.૩૦ ધ્વજવંદનનો કાર્યક્રમ આયોજીત થયો. સ્વર્ગારોહણમાં વર્ષોથી 'ધ્વજવંદન'નો કાર્યક્રમ શ્રી કલ્યાણજી સંચાલિત કરે છે. આ વર્ષે તેમના હાથે જ ધ્વજવંદન કરવાનું આયોજન થયું ધ્વજવંદન પછી પૂ.શ્રીમા દ્વારા લખાયેલી દેશની રક્ષા માટેની પ્રાર્થના અને દેશભક્તિના ગીતો સાથે રાષ્ટ્રધ્વજને વંદન કરવાનું આપણને શીખવ્યું છે તે પરંપરાને જાળવી રાખી આ વખતે ધ્વજવંદન પહેલા અપાતા 'સાવધાન'–'વિશ્રામ'ના આદેશોને પણ તિલાંજલી અપાઈ. તેના સ્થાને પૂ.શ્રી હરિ અને પૂ.શ્રીમાના મંત્રોચ્ચાર સાથે આ ક્રિયાઓને જોડી દઈ સંપૂર્ણ ભારતીય



પરંપરાને પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ થયો. શ્રી કલ્યાણજીએ દેશ સામે ચીન–પાકિસ્તાનના સંદર્ભમાં ઉભી થયેલી પરિસ્થિતિમાં રાષ્ટ્રની સીમાઓની રક્ષા માટે સૌ પ્રેમપૂર્વક પ્રાર્થના કરે અને દેશના સીમાડાઓ પર ફરજ બજાવતા આપણા શૂરવીર સૈનિકોની રક્ષા માટે પણ હૃદયની પ્રાર્થના કરવાનું સૂચન કર્યું.

ધ્વજવંદન પછી સ્વર્ગારોહણના દ્વારેથી નિયમિત પસાર થતા શ્રમજીવી બહેનો જે વહેલી સવારે લાકડા વેચી પોતાની આજીવિકા મેળવે છે તેમાંના ૬૦ જેટલા બહેનોને આમંત્રિત કરી શ્રી પ્રભુના પ્રાગટ્યદિન ઉત્સવના સત્કર્મ પ્રસાદ રૂપે પાંચ કીલો લોટ, ૧ કીલો તેલ, ૧ કીલો ખાંડ, ૧ કીલો ચોખા, ૧ કીલો દાળ, બુંદી, ચવાણાનો પ્રસાદ અને રોકડ રૂા. ૫૦ જેવી જીવન ઉપયોગી સામગ્રી અપાઈ. સ્વર્ગારોહણ છેલ્લા ચાર માસથી નિયમિત આવતા યુવાન બાળકો પૈકી 'વંસત વાટિકા'ની ઉપસ્થિત ૧૫ દિકરીઓના હાથે પ્રભુનો આ પ્રસાદ વહેંચાયો.

૧૦.૦૦ વાગે પૂ.શ્રીના પ્રાગટ્યદિન પર્વના ઉત્સવનો પ્રારંભ થયો જેમાં પૂ.શ્રીમાએ શ્રી હરિના નામ સ્મરણની વિશેષ ધૂન પોતાના મધુર દિવ્ય કંઠે ગાઈ છે તેના વિડીયોનું દર્શન થયું તે સાથે જ વિદેશની કેનેડાની ધરતી પર પૂ.શ્રીમાની વિશેષ ઉપસ્થિતિમાં ઉજવાયેલ 'ગુરુપૂર્ણિમા પર્વ'ની ઝલક પણ સૌએ દર્શન પ્રસાદ રૂપે માણી. સામાન્ય રીતે ભક્તો જ ધૂન ગવડાવે અને ભક્તો જ તે ઝીલે, પરંતુ આજે ભગવાને-પૂ.શ્રીમાએ ધૂન ગવડાવી અને ભક્તોએ તે ઝીલી.

પૂ.શ્રીના બાળ સ્વરૂપની પાલખી યાત્રા, દ્રષ્ટા, રથી, અમન વગેરે બાળકોએ પ્રારંભ કરી. સ્વર્ગારોહણના વ્યવસ્થાપક

દંપતિએ પ્રભુનું સ્વાગત હોલમાં કરતાં પુષ્પહાર, તિલક અર્પણ કર્યા. વસંત વાટિકાના યુવાન બાળકોએ સ્વર્ગારોહણના પાંચ તીર્થ સમા દ્વાર સ્વરૂપ, સરોડા નિવાસ, પંચદેવ મંદિર કુટિયા, પૂ.શ્રી માનો તપોવન નિવાસ અને પૂ.શ્રીનું સ્મરણ વૃંદાવન યોગતીર્થ સામે પાલખી રાખીને સૌ ભક્તોએ સંકીર્તનની રમઝટ માણી. સ્વર્ગારોહણના યુવાનો દ્વારા ગુજરાત–રાજસ્થાનના પૂરગ્રસ્ત વિસ્તારોમાં થયેલ સેવા સહાયની વિડીયોનું દર્શન પણ હેમલભાઈએ કરાવ્યું.

યોગાનુયોગ પૂ.શ્રીના પ્રાગટ્યદિનના દિવસે જ જન્માષ્ટમી ઉત્સવ પણ હતો તેથી સ્વર્ગારોહણ તીર્થની પરંપરા પ્રમાણે 'મટકીફોડ'ના કાર્યક્રમમાં "સ્વર્ગારોહણ તીર્થમાં આનંદ ભયો જય યોગેશ્વર નાથની"ના મધુર ગાન સાથે બાળકો, બહેનો અને યુવાન ભાઈ બહેનોએ ઉત્સાહપૂર્વક તેમાં ભાગ લીધો.

બપોરે યોગતીર્થની વંદના અને તે પછી શ્રી હરિને નિજધામ–સરોડા ધામમાં, પ્રસ્થાપિત કરી, ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુના પદગાન સાથે સાંજે કાર્યક્રમ પૂર્ણ થયો.

રાત્રે સત્સંગમાં વિશેષ નિયમો સાથે વંદના અને શ્રી કલ્યાણજી તેમજ શ્રી શાંતિભાઈ કનેરીયાના પ્રેરક પ્રસંગોના વાર્તાલાપ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

આ કાર્યક્રમ દરમ્યાન ભોજન પ્રસાદ પહેલાં, સ્વર્ગારોહણ તીર્થના પડોશમાં રહેતા રબારીવાસના ૯૦ જેટલા વિદ્યાર્થી ભાઈ બહેનોને દફતર કીટ, કંપાસ, નોટબુક, બુંદી–ચવાણાનો પ્રસાદ વિશેષ કાર્યક્રમ રૂપે અપાયો.



આ સમગ્ર કાર્યક્રમનું સુશોભન અને આયોજન આ વખતે 'વસંત વાટિકા'ના ૩૦ વર્ષથી નીચેની વયના યુવાનભાઈ બહેનોએ સંભાળ્યું હતું. પ્રભુનું પારણું, પાલખી ને સત્સંગ હોલ સરોડાધામ અને કુટિયા તેમણે વિશેષ રૂપે સજાવ્યા હતા ખૂબ સરસ આયોજન બદલ તે બધા જ બાળકોને વિશેષ અભિનંદન.

'વસંત વાટિકાના' આ યુવાન ભાઈ બહેનોએ સ્વર્ગારોહણના સ્વજનો સાથે એક વિશેષ સત્કર્મ પણ તા.૧૪મીએ કર્યું. અંબાજીથી ૧૮૦ કી.મી. દૂર રાજસ્થાનની સીમામાં સાંચોર શહેર પાસે હરણ માટેના સફારી પાર્કમાં ૩૮૫ જેટલા મૂંગા પ્રાણીઓ માટે ખાદ્ય સામગ્રી પ્રભુના પ્રાગટ્યદિન નિમિત્તે પ્રસાદ તરીકે સત્કર્મરૂપે પહોંચાડી, જેમાં ૧૨૦૦ કીલો મકાઈ, ૨૦૦ કીલો શિંગદાણા, અને ૨૦૦ કીલો જુવાર, ૧૦ લીટર દૂધ (નાના બચ્ચાઓ માટે) અપાયું. તાજેતરના રાજસ્થાનના પૂરમાં નદીના તટપ્રદેશ પર આવેલા આ પાર્કમાં રહેતા આ હરણોની તમામ ખાદ્ય સામગ્રી તણાઈ ગઈ હતી. જેથી તેમને ખોરાકની મુશ્કેલી નિવારવા માટે આ પ્રસાદ આ યુવાન મંડળીએ દરેકે રૂા.૨૦૦૦ની રકમના યોગદાન સાથે પ્રભુના જન્મોત્સવ સત્કર્મ માટે આપી સહયોગ ધર્યો. કુલ ૨૪ ભાઈ બહેનોએ રૂા.૪૮૦૦૦/–નો પ્રસાદ આ મૂંગા પ્રાણીઓને પહોંચાડ્યો. કદાચ આ પ્રાણીઓની પ્રાર્થના પણ પ્રભુ અને પૂ.શ્રીમાએ સાંભળી હશે. તેથી જ આ કાર્યક્રમ પણ અચાનક જ આયોજીત થઈ ગયો. થેંક્યુ મા ! આવી સેવાની તક આપવા બદલ.

# આધ્યાત્મિક પ્રશ્નોત્તરી

—શ્રી યોગેશ્વરજી

**પ્રશ્ન : તમે પહેલાં એકવાર લખેલું કે અંતરની ઉત્કટ ઈચ્છા હોય તો ગુરુ ચોક્કસ મળે છે. પરંતુ માણસને કેટલાય સંત મહાત્માઓ મળે, તેમની સાથે વાર્તાલાપ થાય, તે કાંઈ શીખવે તે પ્રમાણે માણસ કરે પણ, તો તે મહાત્મા તેના ગુરુ ખરા કે નહીં ?**

**ઉત્તર :** જેની પાસેથી આપણને કાંઈક શીખવા સમજવાનું મળે છે અથવા તો જેના બતાવેલા સાધન—માર્ગને નજર સમક્ષ રાખીને આપણે આગળ વધતા રહીએ છીએ તેને ગુરુ માનવામાં કશી જ હરકત નથી. ગુરુ તરીકેની શ્રદ્ધાભક્તિ આપણે તેનામાં ધારણ કરી શકીએ છીએ. ગુરુ આપણને વાસ્તવમાં અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનના પરમ પ્રકાશમાં લઈ જાય છે તથા અશાંતિમાંથી શાંતિમાં, બંધનમાંથી મુક્તિમાં, અને આત્માનુભવથી રહિત દશામાંથી આત્માનુભૂતિની અસાધારણ અવસ્થામાં પ્રવેશ કરાવે છે. એ કામમાં મદદરૂપ થાય તેને ગુરુ જરૂર કહી શકાય.

**પ્રશ્ન : માણસ પોતાના ગુરુને જ્યારે પહેલીવાર મળે ત્યારે એને કેમ ખબર પડે કે આ જ મારા ગુરુ ? એમના પ્રત્યે કોઈ અનન્ય ભાવ કે આકર્ષણ થાય છે ?**

**ઉત્તર :** કોઈવાર આકર્ષણ થાય છે તો કોઈવાર નથી પણ થતું. કોઈવાર એવા મહાપુરુષની સંનિધિમાં પ્રથમ મુલાકાતે જ ઊંડી શાંતિ મળે છે, તો કોઈવાર નથી પણ મળતી. એ બાબત કોઈ એકસરખો સર્વસામાન્ય નિયમ નથી કરી શકાતો. મારી



સમજ પ્રમાણે ગુરુની પસંદગીમાં ઉતાવળ ન કરવી જોઈએ. ગુરુના સંસર્ગમાં અવારનવાર આવવું જોઈએ. એમના જીવનનું કે જીવનનાં જુદાં જુદાં પાસાઓનું બારીકાઈથી વિવેકપૂર્વક નિરીક્ષણ કરવું જોઈએ. અને પછી જ આપણો અંતરઆત્મા જો કબૂલ કરે તો તેમને ગુરુ તરીકે સ્વીકારવા જોઈએ. ગુરુ ને શિષ્યનો સંબંધ સમસ્ત જીવન પર અસર પહોંચાડનાર હોવાથી, તેની સ્થાપના કોઈપણ પ્રકારની લાગણી, ભાવના કે ધૂનથી દોરવાઈ ગયા વિના, પૂરતા વિચારપૂર્વક તથા શાંતિથી કરવી જોઈએ.

**પ્રશ્ન : અમુક એક માર્ગમાં શું ગુરુ એક જ થઈ શકે ? વધારે ન થઈ શકે ?**

**ઉત્તર :** મુખ્ય આધ્યાત્મિક ગુરુ તો એક જ હોઈ શકે અને એક હોય તે જ સારું છે, પરંતુ જેમની પાસેથી જીવન વિકાસની બીજી મદદ મળતી રહે તેવા પેટા ગુરુ બીજા કેટલાક હોઈ શકે ખરા.

**પ્રશ્ન : ગુરુની આવશ્યકતા ખરી કે નહીં ?**

**ઉત્તર :** તે તમારે નક્કી કરવાનું છે. જ્યાં સુધી તમે અપૂર્ણ છો અને પોતાની મેળે આગળ નથી વધી શકતા, ત્યાં સુધી તમારે કોઈ ને કોઈ પથપ્રદર્શક જોઈશે જ. તે જ ગુરુ છે.

**પ્રશ્ન : ગુરુને ઈશ્વરરૂપ કહેવામાં આવે છે તે સાચું છે ?**

**ઉત્તર :** તાત્વિક રીતે સાચું છે. કારણ કે ઈશ્વરનો પ્રકાશ ગુરુમાં વિશેષ પ્રમાણમાં પથરાયેલો હોય છે. ગુરુ ઈશ્વરના પ્રતિનિધિ છે. જો ગુરુએ ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો હશે તો તો તે ઈશ્વર સાથે એકરૂપ બની ગયા હશે. અને જો સાક્ષાત્કાર કરવાનો પ્રયાસ કરતા હશે તો પણ, તે બીજા કરતાં ઈશ્વરની

વધારે નજીક તો હશે જ. ગુરુને ઈશ્વરરૂપ કહેવામાં આવે છે તે ઈશ્વરદર્શી ગુરુને માટે જ કહેવામાં આવે છે તે ખાસ યાદ રાખવાનું છે—જેવા તેવા ભળતા ગુરુને માટે નહીં.

**પ્રશ્ન : ગુરુની પસંદગી કરતી વખતે કઈ કઈ વાતો ધ્યાનમાં રાખવી જોઈએ ?**

**ઉત્તર :** ગુરુની પસંદગી માટે ઉતાવળ કરવાની જરૂર નથી. ગુરુના જીવનને કે વ્યવહારને શાંતિથી જોવાની જરૂર છે, જેથી કોઈ ભળતા માણસના હાથમાં પડીને જીવનને બરબાદ કરી ન બેસાય. ગુરુના વિચારો તમને ગમે છે કે નહીં તે ખાસ જોજો. તેને સાધનામાં રસ છે કે નહીં, અને તે સાધનાત્મક અનુભવ ધરાવે છે કે નહીં, તે પણ જોજો. તેનો સ્વભાવ તમને પસંદ પડે છે કે નહીં તે પણ વિચારજો. ને બને ત્યાં સુધી વ્યસની ન હોય, લૌકિક લિપ્સાથી યુક્ત ન હોય, તેમ જ પરમાત્માના પ્રેમ અથવા આત્મજ્ઞાનથી વંચિત ન હોય તે ખાસ જોજો. વારંવારના પરિચય પછી જો તમને તે તમારે માટે યોગ્ય અથવા આદર્શ લાગે તો તેનો ગુરુરૂપે સ્વીકાર કરજો. અને એક વાર સ્વીકાર કર્યા પછી બધા જ સંજોગોમાં દ્રઢ વિશ્વાસપૂર્વક વળગી રહેજો. તમારું હૃદય જેને એકવાર સમજપૂર્વક માન્ય કરે, તેને ચંચલ બનીને નજીવા કારણોસર છોડી ન દેતા અને નિંદવા પણ ન માંડતા. કદાપિ નહીં.

**પ્રશ્ન : ગુરુકૃપા શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત થાય ? શું ગુરુકૃપાની પ્રાપ્તિને માટે ગુરુમય બની જઈને ગુરુની ખૂબખૂબ સેવા કરવી જોઈએ એ શું સાચું છે ?**

**ઉત્તર :** ગુરુકૃપા ખરેખર શું છે એ તો જે એનો અનુભવ કરે



તેને જ ખબર પડી શકે. છતાં પણ, કહેવાને ખાતર એટલું જરૂર કહી શકાય કે ગુરુકૃપાથી આત્મોન્નતિના માર્ગમાં મદદ મળે છે, અને ઈશ્વરના સાક્ષાત્કારનો મનોરથ સહેલો બને છે. દુર્ગુણોની નિવૃત્તિ કરીને સદ્‌ગુણોની પ્રાપ્તિમાં તથા દુષ્કર્મોનો અંત આણીને સત્કર્મોના અનુષ્ઠાનમાં તે મદદરૂપ થાય છે. જીવનને નિર્મળ, ઉદ્દાત્ત તથા ઈશ્વરમય બનાવવામાં તેથી મદદ મળે છે. એક રીતે કહીએ તો ગુરુકૃપા એ ઈશ્વરની અસીમ કૃપાને માટેનું પ્રમાણપત્ર કે પ્રવેશદ્વાર છે. એ થતાં ઈશ્વરકૃપા દૂર નથી રહેતી. ગુરુના રૂપમાં આવીને સૌથી પહેલા ઈશ્વર જ પોતાની કૃપા વરસાવે છે. ગુરુની કૃપા દ્વારા જે ધન, વૈભવ, પદ, પ્રતિષ્ઠા ને સાંસારિક સુખોપભોગની ઈચ્છા રાખે છે તે ભારે ભૂલ કરે છે. ગુરુની કૃપાના સાચા રહસ્યને તે નથી સમજતા. ગુરુની કૃપા કેવલ સાંસારિક સુખસમૃદ્ધિને માટે નથી વટાવવાની, પરંતુ તેનો લાભ લઈને ઈશ્વરના સાક્ષાત્કારના મહત્ત્વના ધ્યેય તરફ આગળ વધવાનું છે, એ નથી ભૂલવાનું.

તમારા બીજા પેટા પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે ગુરુકૃપાની પ્રાપ્તિને માટે ગુરુની મન મૂકીને સેવા કરવી જોઈએ એ તો સાચું જ છે, પરંતુ એની સાથેસાથે ખાસ ધ્યાન ગુરુના ઉપદેશ કે સંદેશ પ્રમાણે ચાલવા પર આપવું જોઈએ. ગુરુ જે કહે તે શ્રદ્ધા તથા પ્રામાણિકતા સાથે ઉત્સાહ ને ખંતપૂર્વક કરવું અથવા તો એમણે નિર્દેશેલા આત્મકલ્યાણના માર્ગ પર આગળ વધવું અત્યંત આવશ્યક છે. આ વસ્તુ ખાસ નોંધવા જેવી છે. કેમ કે ગુરુની સેવા કરવામાં આવે પરંતુ એમના સદુપદેશનું અનુષ્ઠાન કરવામાં ના આવે તો કોઈ વિશેષ હેતુ નથી સરતો. ગુરુએ બતાવેલા માર્ગ પ્રમાણે ચાલવામાં આવે, અને ગુરુની શ્રદ્ધાપૂર્વક સેવા

કરવામાં આવે, તો તેથી પ્રસન્ન થઈને ગુરુ કેટલીક વાર અનુગ્રહ કરે છે, ને અધ્યાત્મ મંદિરનાં ગુપ્ત દ્વાર ઉઘાડી આપે છે.

**પ્રશ્ન : બે વરસ પહેલાં મારા સદ્ગુરુનું મૃત્યુ થયું છે ત્યારથી મારા શોકનો પાર નથી. મારો બધો જ રસકસ ઊડી ગયો છે. મારા ગુરુ હતા ત્યારે સમય પર જરૂર પડતાં હું એમની પાસે પહોંચી જતો અને એમનું માર્ગદર્શન મેળવતો. એ લાભથી વંચિત થવાથી હવે હું દુઃખી છું. મારે શું કરવું ? કોઈ બીજા ગુરુ કરી લેવા જોઈએ ?**

**ઉત્તર :** તમારા ગુરુને મરેલા શા માટે માનો છો ?

**પ્રશ્ન : એમાં મારા માનવા કે ના માનવાનો સવાલ નથી. એમનું મૃત્યુ એક હકીકત છે એની અનેકને ખબર છે.**

**ઉત્તર :** ગુરુ કદી મરતા નથી હોતા. સ્થૂલ શરીરથી એ કદાચ વિદાય લે અને બીજું સ્વરૂપ ધારણ કરે તો પણ એમનો સર્વ નાશ નથી થઈ શકતો. એ આત્મારૂપે અમર હોય છે અને કાર્ય કરે છે. એ અર્થમાં હું કહું છું કે એમનું મૃત્યુ નથી થયું. તમે જો એ સત્યને સમજી લો તો તમને શોક નહીં થાય. એમના અસ્તિત્વનો અને અનુગ્રહનો અનુભવ તમે આજે પણ કરી શકો છો.

**પ્રશ્ન : ગુરુએ શરીર છોડી દીધું હોય તો પણ એ પોતાના શિષ્યો પર અનુગ્રહ કરી શકે ?**

**ઉત્તર :** જરૂર કરી શકે. અનુગ્રહ એકલા સ્થૂલ શરીરથી નથી થતો, સૂક્ષ્મ શરીરથી પણ થતો હોય છે. મહત્ત્વની વાત એ છે કે તમારી તેમનાં પ્રત્યેની શ્રદ્ધા—ભક્તિ મરી છે કે નથી મરી. જો તમે એમને આજે પણ પહેલા જેવા જ પ્રેમ અને વિશ્વાસથી



યાદ કરતા હો તો તેમને માટે શોક કરવાની આવશ્યકતા નહીં રહે. તેમનું માર્ગદર્શન તમે આજે પણ મેળવી શકો છો. એ તમારા સમસ્ત જીવન પર પ્રેમપૂર્વક ધ્યાન રાખે છે, એવા પ્રબળ વિશ્વાસથી આગળ વધો તો તમને એમનો લાભ કાયમને માટે મળતો રહેશે અને બીજા ગુરુ કરવાનો વિચાર નકામો લાગશે. તમારા જીવનમાં નવો રસ પેદા થશે અને તમને નવી પ્રેરણા સાંપડશે. ગુરુ તમને તમારી પાસે જ લાગશે.

**પ્રશ્ન : (એક જિજ્ઞાસુ) આપના દર્શન કર્યા અને પ્રવચનો સાંભળ્યા ત્યારથી આપને ગુરુ માનું છું અને આપની પાસે રીતસરની ગુરુદીક્ષા માટેની મને તીવ્ર ઈચ્છા છે. તો આપ મને તે રીતે શિષ્ય તરીકે સ્વીકારો એવી મારી પ્રાર્થના છે.**

**ઉત્તર :** હું કોઈનો ગુરુ બની શકતો નથી. મારામાં એવી યોગ્યતા પણ નથી જોતો. બીજાની સાથે ગુરુ—શિષ્ય જેવું મારે કશું નથી. કોઈને રીતસરની દીક્ષા હું આપતો નથી. છતાં કોઈ મારા પ્રત્યે મનમાં ગુરુભાવ રાખે અને એવા ભાવથી એને લાભ થતો હોય તો તેમાં મને કોઈ હરકત નથી. કોઈ મંત્ર માગે તો તેની પ્રકૃતિ ને રૂચિ જોઈને હું મંત્ર સૂચિત કરું છું. મનમાં મારા પ્રત્યે ગુરુભાવ રાખીને કોઈ પ્રગતિ કરી શકતું હોય તો મને શી હરકત હોઈ શકે ? કોઈ મને પોતાના સાધના માર્ગની મુશ્કેલીઓનું નિરાકરણ પૂછે તો તેનો ઉકેલ હું મારી સમજશક્તિ અને અનુભૂતિના આધાર પર આપતો રહું છું.

**પ્રશ્ન : મારે ગુરુદીક્ષા લેવાનું જરૂરી છે ખરું ?**

**ઉત્તર :** તેનો નિર્ણય તમારે કરવાનો છે. હું ના કહી શકું.

# સ્વામી વિવેકાનંદ અને શ્રી રામકૃષ્ણ પરમહંસ વચ્ચે થયેલ એક અભૂતપૂર્વ સંવાદ

–સંકલન : શ્રી નારાયણ જાની

આ સંવાદને આપણી આવનાર પેઢીના સભ્યો સાથે ચર્ચો અથવા કુટુમ્બના સભ્યોને મોટેથી વાંચી સંભળાવો, કારણ કે મેં અગાઉ સાંભળેલ કોઈપણ ધાર્મિક ઉપદેશ કરતાં તે વધુ શ્રેષ્ઠ છે.

## A rare conversation between Ramkrishna Paramahansa & Swami Vivekananda

Please Share with our next generation or read it loudly to Family members, it's one of the best message I have come across.

**1. Swami Vivekanand :–** I can't find free time. Life has become hectic.

**Ramkrishna Paramahansa :–** Activity gets you busy. But productivity gets you free.

**2. Swami Vivekanand :–** Why has life become complicated now ?

**Ramkrishna Paramahansa :–** Stop analysing life....It makes it complicated. just live it.

**3. Swami Vivekanand :–** Why are we then constantly unhappy ?

**Ramkrishna Paramahansa :–** Worrying has become your habit. That's why you are not happy.

**4. Swami Vivekanand :–** Why do good people always suffer ?



**Ramkrishna Paramahansa :–** Diamond cannot be polished without friction. Gold cannot be purified without fire. Good people go through trials, but don't suffer. With that experience their life becomes better, not bitter.

**5. Swami Vivekanand :–** You mean to say such experience is useful ?

**Ramkrishna Paramahansa :–** Yes. In every term, Experience is a hard teacher. It gives the test first and the lessons later.

**6. Swami Vivekanand :–** Because of so many problems, we don't know where we are heading.

**Ramkrishna Paramahansa :–** If you look outside you will not know where you are heading. Look inside. Eyes provide sight. Heart provides the way.

**7. Swami Vivekanand :–** Does failure hurt more than moving in the right direction ?

**Ramkrishna Paramahansa :–** Success is a measure as decided by others. Satisfaction is a measure as decided by you.

**8. Swami Vivekanand :–** In tough times, how do you stay motivated ?

**Ramkrishna Paramahansa :–** Always look at how far you have come rather than how far you have to go. Always count your blessing, not what you are missing.

**9. Swami Vivekanand :–** What surprises you about people ?

**Ramkrishna Paramahansa :–** When they suffer they ask, "Why me ?" When they prosper, they never ask "Why me ?"

**10. Swami Vivekanand :–** How can I get the best out of life ?

**Ramkrishna Paramahansa :–** Face your past without regret. Handle your present with confidence. Prepare for the future without fear.

**11. Swami Vivekanand :–** One last question. Sometimes I feel my prayers are not answered.

**Ramkrishna Paramahansa :–** There are no unanswered prayers. Keep the faith and drop the fear. Life is a mystery to solve, not a problem to resolve. Trust me. Life is wonderful if you know how to live.

Stay Happy Always !

**સ્વામી વિવેકાનંદ :** મારી જીંદગી એટલી બધી પ્રવૃત્તિશીલ ને ગતિપ્રધાન બની ગઈ છે કે મારી પાસે કોઈ ફાજલ સમય જ રહેતો નથી.

**રામકૃષ્ણ પરમહંસ :** પ્રવૃત્તિ તને કામમાં રોકાયેલો રાખે છે, જ્યારે ઉત્પાદકતા તને મુક્તતા બક્ષે છે.

**સ્વામી વિવેકાનંદ :** અત્યારના સમયમાં જીવન એટલું બધું જટિલ શા માટે બની ગયું છે ?

**રામકૃષ્ણ પરમહંસ :** જીંદગીની છણાવટ કરવાનું છોડી દે, કારણ કે એમ કરવાથી તું વધારે ગૂંચવાડામાં પડીશ. એમ કર્યા વિના જીવવા માંડ.

**સ્વામી વિવેકાનંદ :** તો આપણે સતત દુઃખી કેમ રહીએ છીએ !

**રામકૃષ્ણ પરમહંસ :** ખોટી ચિંતા કરવી એ તારો સ્વભાવ બની ગયો છે. તેથી જ તું દુઃખી થયા કરે છે.



**સ્વામી વિવેકાનંદ :** સજ્જન માણસો જ શા માટે હંમેશા દુઃખી થતા દેખાય છે ?

**રામકૃષ્ણ પરમહંસ :** ઘસાયા વિના હીરો કદી ચમકદાર બનતો નથી. સુવર્ણ પણ અગ્નિમાં તપાવ્યા વિના શુદ્ધ થતું નથી. એથી સારા માણસોને પણ વિવિધ અગ્નિપરીક્ષાઓમાંથી પસાર થવું પડે છે જેના પરિણામે તેમનું જીવન, કડવું થવાને બદલે વધારે સારું બને છે.

**સ્વામી વિવેકાનંદ :** એથી આપ શું એમ કહેવા માંગો છો કે આવા અનુભવો ઉપયોગી છે ?

**રામકૃષ્ણ પરમહંસ :** બેશક. જાત અનુભવ એ દરેક દૃષ્ટિએ શ્રેષ્ઠ ગુરુ છે. કારણ કે પહેલાં તે પરીક્ષા લે છે ને પછી જ શિક્ષા ધરે છે. તું ધારે છે, તેમ તેથી દુઃખી થતા નથી.

**સ્વામી વિવેકાનંદ :** જીવનમાં સમસ્યાઓ એટલી બધી છે કે ખબર જ નથી પડતી કે આપણે કઈ દિશામાં જઈ રહ્યા છીએ ?

**રામકૃષ્ણ પરમહંસ :** જો તમે બહાર જ જોતા રહેશો તો તમને ખબર નહીં જ પડે કે તમે ક્યાં જઈ રહ્યા છો. એથી તમે તમારા અંતરમાં ડૂબકી મારો. આંખો બાહ્ય દૃષ્ટિ ધરે છે, પરંતુ હૃદય સાચો માર્ગ દર્શાવે છે.

**સ્વામી વિવેકાનંદ :** નિષ્ફળતા શું સાચી દિશામાં આગળ વધવા કરતાં વધારે દુઃખ પહોંચાડે છે ?

**રામકૃષ્ણ પરમહંસ :** સફળતા એ તો બીજા માણસોએ નક્કી કરેલું માપ છે. સાચી સફળતા તો તમારા હૃદયે નક્કી કરેલ આત્મસંતોષ છે.

**સ્વામી વિવેકાનંદ :** કસોટીના કાળમાં પોતાના ધ્યેય પ્રત્યે શી રીતે ટકી રહેવાય ?

**રામકૃષ્ણ પરમહંસ :** તમે કદી એ ન જુઓ કે તમારા ધ્યેયથી હજી તમે કેટલા દૂર છો ? તમે તે દિશામાં કેટલો માર્ગ કાપ્યો છે એટલું જ જોઈ ચાલતા રહો. (તો એક દિવસ મંજિલ જરૂર આવશે જ.)

**સ્વામી વિવેકાનંદ :** લોકોના વિષે તમને સૌથી મોટું આશ્ચર્ય શાનું થાય છે ?

**રામકૃષ્ણ પરમહંસ :** જ્યારે તેમને કષ્ટ પડે ત્યારે કહે છે કે મને જ આ દુઃખ શા માટે ? પરંતુ જ્યારે તેમની આબાદી થાય છે ત્યારે કદી કહેતા નથી કે મારી જ પસંદગી શા માટે ?

**સ્વામી વિવેકાનંદ :** આ જીવનમાં હું સૌથી ઉત્તમ વસ્તુ શી રીતે પ્રાપ્ત કરી શકું ?

**રામકૃષ્ણ પરમહંસ :** પશ્ચાતાપ કર્યા સિવાય તમારા ભૂતકાળની ઘટનાઓનો સ્વીકાર કરી સામનો કરો. તમારા વર્તમાનનો પૂરા વિશ્વાસથી ઉપયોગ કરો અને આમ કરી ભવિષ્ય માટે સજ્જ બનો—કશાય ભય કે બીક વગર.

**સ્વામી વિવેકાનંદ :** છેલ્લો પ્રશ્ન—કેટલીકવાર મને એમ લાગે છે કે મારી પ્રાર્થનાઓનો મને કોઈ પ્રત્યુત્તર મળતો નથી.

**પ્રત્યુત્તર :** પ્રાર્થનાનો પ્રત્યુત્તર હંમેશા મળે જ છે, શ્રદ્ધા રાખો અને ભય ખંખેરી નાખો. જીવન એ રહસ્ય છે, જેનો ઉકેલ આણવાનો છે. જીવન કોઈ સમસ્યા નથી કે જેનું પૃથ્થકરણ કરવું પડે. વિશ્વાસ રાખો. આ જીવન ખૂબ જ સુંદર છે, જો જીવતાં આવડે તો !



# ત્રણ દુર્લભ વસ્તુઓ

—મહાત્મા શ્રી યોગેશ્વરજી

શંકરાચાર્યે વરસો પહેલાં એમના વિખ્યાત વેદાંતગ્રંથ વિવેકચૂડામણિમાં કહ્યું છે કે, ત્રણ વસ્તુઓ ખરેખર દુર્લભ છે અને ઈશ્વરનો અનુગ્રહ અથવા દૈવની અનુકૂળતા હોય તો જ પ્રાપ્ત થઈ શકે તેવી વિરલ છે. એક તો મનુષ્યત્વ, બીજું મુમુક્ષુત્વ અને ત્રીજું મહાપુરુષોનો સમાગમ. જગતમાં બીજી બધી વસ્તુઓ સર્વસામાન્ય છે અને સહેલાઈથી મળી શકે એમ છે, પરંતુ આ ત્રણ વસ્તુઓ કોઈક જ ઠેકાણે અને કોઈકના જ જીવનમાં મળતી હોય છે. સંત તુલસીદાસે કહ્યું છે તેમ સુત, દારા તથા લક્ષ્મી તો પાપીની પાસે પણ હોઈ શકે પણ પેલી શંકરાચાર્યે કહેલી ત્રણ દુર્લભ વસ્તુઓ તો કોઈ વિરલ પુણ્યશાળીને જ પ્રાપ્ત થતી હોય છે. શંકરાચાર્યે એવો નિર્દેશ કરતો શ્લોક વિવેકચૂડામણિમાં વરસો પહેલાં લખ્યો છે છતાં પણ એનું મહત્ત્વ આજે પણ એવું જ તાજું છે અને એ શ્લોક આજે જ લખાયો હોય એવું લાગ્યા કરે છે.

### ત્રણ દુર્લભ વસ્તુઓ

શંકરાચાર્યના જમાનામાં જેવી પરિસ્થિતિ હતી તેવી પરિસ્થિતિ આજે પણ કાયમ છે. એટલે એ શ્લોકનો સંદેશ આજે પણ એવો જ સનાતન છે.

શંકરાચાર્યે કહેલી ત્રણ દુર્લભ વસ્તુઓમાં પહેલી દુર્લભ વસ્તુ મનુષ્યત્વ છે. મનુષ્યશરીર તો પ્રાપ્ત થયું અને મનુષ્ય તરીકે ઓળખાયા પણ ખરા, પરંતુ એટલાથી જ કંઈ મનુષ્યત્વ આવ્યું

એમ ના કહી શકાય. મનુષ્યશરીર પ્રાપ્ત થવું એ એક વાત છે અને મનુષ્યત્વથી મંડિત થવું એ જુદી જ વાત છે. બધા જ મનુષ્યો મનુષ્યત્વથી સંપન્ન નથી હોતા. એમના જીવનમાં વધારે ભાગે દાનવતાનું દ્વંદ્વયુદ્ધ ચાલતું હોય છે. અને એ માનવતાના ગુણધર્મોથી વંચિત હોય છે. બહારના રૂપરંગ અથવા તો આકાર પરથી એમને કહેવાને ખાતર માનવ કહી શકાય ખરા, પરંતુ અંદરખાનેથી જોતાં અને મૂલવતાં એમને માનવના મહામૂલ્યવાન મહિમાવાળા નામથી સંબોધવાનું મન ભાગ્યે જ થતું હોય છે. બાહ્ય રૂપરંગથી મનુષ્ય થયા એટલે કાંઈ સાચા અર્થમાં માનવ થોડું જ થવાય છે? સાચા અર્થમાં માનવ થવા માટે તો માનવતાના ગુણધર્મો જોઈએ, મનુષ્યત્વ જોઈએ, તેમ જ દાનવતાના દુર્ગુણો અને દુષ્કર્મોથી સંબંધ વિચ્છેદ થયો હોવો જોઈએ. ત્યારે જ મનુષ્યત્વની પ્રાપ્તિ થઈ એમ કહી શકાય. મોટાભાગના માણસોના જીવનનું પૃથક્કરણ કરવામાં આવે તો શું દેખાશે ? સ્વાર્થ, લાલસા, કૂડકપટ, કઠોરતા, નિર્દયતા, રાગદ્વેષ સંકુચિતતા, બીજાને સમજવાની વૃત્તિનો અભાવ, બીજાને ભોગે માલદાર બનવાની પ્રવૃત્તિ અને જાણે કે દુન્યવી વસ્તુઓના સંગ્રહને માટે જ ધર્મ, અધર્મ કે નીતિ–અનીતિના વિચારને તિલાંજલિ આપીને સતત શ્રમ કરવા માટે શરીર ધારણ કર્યું હોય એવો જીવનવ્યવહાર. એમની વાણી કડવી હોય છે. એમના વિચારો વિકૃત તથા નુકશાનકારક હોય છે, અને એમનું વર્તન વિપથગામી હોય છે. બીજાનું હિત કરવાની, પ્રામાણિકતાથી ચાલવાની અને બીજાને ઓછા કે વત્તા પ્રમાણમાં મદદરૂપ થવાની ભાવના, લાગણી કે વિચારણા એમની અંદર



ભાગ્યે જ દેખાય છે. સત્ય અને શુભની સાથે તો એમણે છૂટાછેડા જ લીધા હોય છે. જીવન શાને માટે મળ્યું છે અને એનો વધારેમાં વધારે સારો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેનો વિચાર એ નથી કરતા. એવા વિચારમાં એમને રસ જ નથી હોતો. એમનાં કર્મો એમને માટે તથા જે સમાજમાં એ રહે છે તે સમાજને માટે પણ અમંગલ હોય છે. સંક્ષેપમાં કહીએ તો ગીતાના સોળમા અધ્યાયમાં વર્ણવેલી આસુરી સંપત્તિના એ પ્રતિનિધિ હોય છે. એવા આસુરી સંપત્તિના મૂર્તિમંત સ્વરૂપ જેવા મનુષ્યો સંસારમાં ઘણા છે અને એમણે મનુષ્યત્વની પ્રાપ્તિ કરવાનું બાકી છે એ હકીકતનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. માણસે સૌથી પહેલાં તો માનવતાની માવજત કરવાની અથવા તો મનુષ્યતાને કેળવવાની જરૂર છે. તેના વિના સુખશાંતિમય જીવન અને જગતની રચના આકાશ કુસુમ સમી અશક્ય જ થઈ પડવાની.

## મુમુક્ષુત્વ

બીજી દુર્લભ વસ્તુ મુમુક્ષુત્વ છે. મુમુક્ષુત્વ એટલે મુક્ત થવાની, પૂર્ણ બનવાની, પરમશાંતિની પ્રાપ્તિ કરવાની કે પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની તીવ્ર ઇચ્છા. સર્વ પ્રકારના બંધનોમાંથી મુક્તિ મેળવીને પરમ સુખશાંતિનો આસ્વાદ લેવાની એવી અદમ્ય ઇચ્છા પણ કોઈની અંદર જ પેદા થાય છે અને જોવા મળે છે. મનુષ્યત્વની પ્રાપ્તિ કદાચ થઈ જાય કિન્તુ મુમુક્ષુત્વનું પ્રાગટ્ય થવું મુશ્કેલ છે. માણસ વિદ્વાન કે પંડિત હોઈ શકે, શાસ્ત્રજ્ઞ પણ બની શકે, યોગી ઉપાસક કે ભક્ત પણ થઈ શકે, એ બધા કઠિન કહેવાતા પદને પ્રાપ્ત કરી લે, તો પણ

મુમુક્ષુ ન બની શકે. એ મુમુક્ષુ હોય અથવા ન પણ હોય. મુમુક્ષુ થવાનું કામ એવું મુશ્કેલ છે.

એ મુમુક્ષુત્વનું સ્વરૂપ કેવું છે તે જાણો છો ? ખૂબ જ ભૂખ લાગે અથવા તરસ લાગે, અથવા ચારે તરફથી આગ સળગે, તો તેમાંથી છૂટવા માટે કેવી ઉત્કટ ઈચ્છા થાય છે ? અશાંતિ અને અલ્પતામાંથી નિવૃત્ત થવાની તથા પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની એવી ઉત્કટ ઈચ્છા અથવા તો એથી પણ વધારે ઉત્કટ ઈચ્છાને મુમુક્ષુત્વ કહી શકાય. એ ઈચ્છા ક્ષણભંગુર અથવા અલ્પજીવી ન હોવી જોઈએ. પરંતુ ધ્યેયની ઉપલબ્ધિ થતાં સુધી એકધારી ટકી રહેનારી હોવી જોઈએ. મુક્ત થવાની એવી તીવ્ર ઈચ્છા અત્યંત દુર્લભ છે. એમ કહેવાય છે કે તે સંપૂર્ણ સાચું છે ને કોઈકના જીવનમાં જ જાગી ઊઠે છે. માનવસમાજનું વિહંગાવલોકન કરીએ તો એ વસ્તુની પ્રતીતિ સહેલાઈથી થઈ શકે છે.

માનવતાના ગુણધર્મોથી અલંકૃત થવાય અને મુક્ત, પૂર્ણ, પ્રશાંતિ પ્રાપ્ત કે પરમાત્માદર્શી થવાની ઉત્કટ ઈચ્છા પણ જાગી ઊઠે, પરંતુ એ ઈચ્છાનો અમલ કરવા માટેના યોગ્ય કાર્યક્રમની જ ખબર ના હોય તો ? એ ઈચ્છા ભાગ્યે જ ફળવતી બની શકે. એ ઈચ્છાને સફળ કરવા માટેની સાધના બતાવનાર સ્વાનુભવી મહાપુરુષ પણ જોઈએ. એવા મહાપુરુષ દ્વારા અવારનવાર માર્ગદર્શન મળવાથી કામ સરળ બની જાય. પરંતુ એવા સ્વાનુભવી મહાપુરુષ કાંઈ જેને તેને અને જ્યાં ત્યાં મળે છે ? એ સહેલાઈથી નથી મળતા. માટે તો શંકરાચાર્યે કહ્યું છે કે એવા મહાપુરુષનો સમાગમ દુર્લભ છે. ત્રીજી દુર્લભ વસ્તુ તરીકે એ



એનો ઉલ્લેખ કરે એ બરાબર જ છે.

સ્વાનુભવી સાચા સત્પુરુષો જીવનના સંરક્ષકનું કામ કરે છે એ સાચું છે. એમના સાન્નિધ્યમાં માણસને હૂંફ મળે છે, સુખશાંતિનો અનુભવ થાય છે, પ્રકાશ સાંપડે છે, અને જીવનપથના પ્રવાસપર અવનવી પ્રેરણાથી પ્રેરિત થઈને પ્રયાણ કરાય છે. ઈશ્વરની કૃપાથી એવા સત્પુરુષોનો સહવાસ સરળ બને છે. જેને એવો સહવાસ સાંપડી જાય છે તેને પછી જીવનના ઉદ્ધારની ચિંતા રહેતી નથી. એવા સત્પુરુષોની સંખ્યા આજે ઓછી થઈ છે, છતાં પણ તે છે જ નહીં એવું નથી સમજવાનું. તે મળી શકે છે. છેવટે તો માણસે પોતે જ એવા સત્પુરુષ થઈ જવાનું છે. પણ આરંભમાં એમની સંગતિ ને સહાયતા લગભગ અનિવાર્ય હોય છે અને આશીર્વાદરૂપ થઈ પડે છે.

★ ★ ★

મનુષ્યત્વ, મુમુક્ષુત્વ અને મહાપુરુષનો સમાગમ એ ત્રણે દુર્લભ વસ્તુઓને સુલભ કરીએ અથવા તો એમાંથી કોઈ એકનો પણ આધાર લઈએ તો જીવન સુખી થાય તથા કૃતાર્થ બની જાય.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# પાત્રતા

**–શ્રી રાજુભાઈ જાની**

આપણે ઘણીવાર જોઈએ છીએ કે કોઈ સંતપુરુષ પાસે વર્ષોથી રહેતા સાધકો કે ભક્તો કરતાં, કોઈ અજાણ્યો પાછળથી આવેલો ભક્ત ઘણું બધું પામી જાય છે, ઘણો આગળ નીકળી જઈ પોતાના જીવનની સાધનાની મંજિલ સુધી પહોંચી જાય છે. આપણને ત્યારે આશ્ચર્ય થાય છે. પરંતુ તેની પાછળ ચોક્કસ રહસ્ય રહેલું છે; અને તે છે પાત્રતા. કોઈપણ વસ્તુનો સ્વીકાર કે અસ્વીકાર તેની પાત્રતા પર છે, જેમ સૂર્યનો પ્રકાશ દરેક વસ્તુ પર સમાન રીતે પડે છે પરંતુ માટીના ઢેફામાં એનું પ્રતિબિંબ ઉઠતું નથી, જ્યારે મણિ એનો પ્રકાશ એકદમ ગ્રહણ કરી પ્રતિબિંબિત કરે છે. મનુષ્યોમાં પણ આવા જ પાત્રતાના ભેદો જોવા મળે છે. એટલે જ પ.પૂ. રામાનંદ સ્વામીએ વર્ષો જૂના અનુભવી શિષ્ય મુક્તાનંદ સ્વામીને બાજુ પર રાખી, માત્ર બેત્રણ વર્ષ પહેલા જ આવેલા, કેવળ અઢાર ઓગણીસ વર્ષના શ્રી નીલકંઠ વર્ણીને પોતાના ઉત્તરાધિકારી નીમી ગાદીએ બેસાડ્યા ને શ્રી સહજાનંદ સ્વામી નામ આપ્યું, જે પાછળથી સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્થાપક થયા.

એવું જ થયું પ.પૂ.શ્રી યોગેશ્વરજીના જીવનમાં. તે મહાપુરુષે પણ પ.પૂ. માશ્રી સર્વેશ્વરીની પૂર્ણ પાત્રતા પારખી લઈને, એમને અપનાવ્યાં, સાથે રાખ્યાં ને જીવન અને સાધનાંના અનેક ગૂઢ રહસ્યોની એમને દીક્ષા દઈ, પોતાનાં ઉત્તરાધિકારી બનાવ્યાં, આ બધું કેટલી ઝડપથી એ મહાપુરુષે કર્યું તેની આપણને કલ્પના પણ ન આવે એટલા માત્ર ચાર વર્ષના ટૂંકા ગાળામાં. એનું કારણ



એક જ હતું કે પૂ.માશ્રી સર્વેશ્વરીએ આ બધાં સાધનાત્મક રહસ્યો સમજવાની, ઝીલવાની અને આત્મસાત્ કરવાની પોતાની પાત્રતા પૂર્ણપણે વિકસાવી હતી. કેળવેલી ફળદ્રુપ જમીનમાં નાંખેલું બીજ ઝડપથી ઊગી ઊઠે છે ને પાંગરે છે.

ભગવાન ઈસુએ પણ પોતાના શિષ્યોને ઉપદેશ આપતાં આ પાત્રતાના ભેદો બાઈબલમાં સરસ રીતે દર્શાવ્યા છે.

ઈસુએ લોકોને કહ્યું, ''એકવાર ખેડૂત બી વાવવા માટે પોતાના ખેતરે ગયો.

ખેતરમાં બી વાવતાં કેટલાંક રસ્તા પર પડ્યાં ત્યાં તે લોકોના પગ નીચે કચડાઈ ગયાં અથવા પક્ષીઓ આવીને તે ખાઈ ગયાં. બીજાં કેટલાંક ખડકાળ જમીન પર પડ્યાં, તેમાંથી ફણગા તો ફૂટી નીકળ્યાં, પણ જમીન સૂકી ભઠ હોવાથી સૂકાઈ ગયાં.''

કેટલાંક બી કાંટા ઝાંખરાં મધ્યે પડ્યાં, છોડની સાથે કાંટા ઝાંખરાં પણ વધ્યાં; અને તેઓએ ઝડપથી વધીને છોડને દાબી દીધા. પણ કેટલાંક બી સારી ફળદ્રુપ જમીનમાં પડતા તેના છોડ વધ્યા અને સોગણો પાક ઊતર્યો.

લોકો આ સાંભળી વિચારમાં પડ્યા. એમણે ઘણું વિચાર્યું પરંતુ આ વાતનું પૂરું રહસ્ય જ્યારે તેઓના સમજવામાં ન આવ્યું ત્યારે તેઓએ ભગવાન ઈસુને એનો અર્થ સમજાવવા પ્રાર્થના કરી.

ભગવાન ઈસુએ કહ્યું : ''ઈશ્વરનાં અનેક રહસ્યો લોકો આગળ છતાં કરવામાં આવ્યાં છે, પરંતુ પાત્રતા વિના તેઓ તે સમજી શકતા નથી. મેં સંભળાવેલી વાર્તાનો અર્થ આ પ્રમાણે છે :–

કેટલાંક બી રસ્તા પર પડ્યાં એનો અર્થ એ છે કે કેટલાંક

માણસો ઈશ્વરનો સંદેશો સાંભળે છે, પણ શેતાન આવીને તેમના હૃદયમાંથી એ સંદેશો લઈ જાય છે. તેથી તેઓ ઈશ્વર પર શ્રદ્ધા રાખી શકતા નથી; અને નવું જીવન પ્રાપ્ત કરી શકતા નથી.

કેટલાક બી ખડકાળ જમીન પર પડ્યાં, એનો અર્થ એ છે કે તેઓએ પ્રભુનો સંદેશો સાંભળ્યો ખરો, તેને આનંદથી સ્વીકારી પણ લીધો, પરંતુ તે સંદેશો હૃદયમાં ઊંડે ઉતરતો નથી, થોડોક સમય તેઓ ઈશ્વર પર શ્રદ્ધા રાખે છે, પણ કસોટીનો સમય આવતાં તેમની શ્રદ્ધા ઊઠી જાય છે—ડગી જાય છે.

કેટલાંક બી કાંટા ઝાંખરામાં પડ્યાં, એનો અર્થ એ છે કે કેટલાક લોકો પ્રભુનો સંદેશ સાંભળે છે, પણ દુનિયાની ચિંતાઓ, અને દ્રવ્ય પ્રત્યેનો પ્રેમ, લાલસા તથા જીવનના મોજશોખ આડે આવે છે. એથી ઈશ્વર એમના જીવનને જે રીતે ઘડવા માગે છે. તેમાં આ વાનાં અવરોધરૂપ બને છે. એટલે પ્રભુમય જીવન બનતું નથી.

છેવટે જે કેટલાંક બી સારી ફળદ્રુપ જમીન પર પડ્યાં એનો અર્થ એ છે કે કેટલાક યોગ્ય પાત્રતા ધરાવતા લોકોએ તે સંદેશો સાંભળ્યો અને તેને સંપૂર્ણપણે અનુસરી જીવન પ્રભુમય બનાવે છે. તેઓ હંમેશાં ઈશ્વર પર ભરોસો રાખે છે અને ઈશ્વરની ઈચ્છા પ્રમાણે જીવન જીવે છે.''

અહીં ભગવાન ઈસુએ પ્રભુના સંદેશાની જે વાત કરી છે, તે સંત મહાત્માઓ કે સાધુ પુરુષોએ આપેલો સદ્દુપદેશ ગણી શકાય. તે ઉપદેશો આપણી પાત્રતા વિના આપણા હૃદયમાં ઠરતા નથી. અને ચારણીમાંથી જેમ અનાજના દાણા નીચે સરી જાય, અથવા તો કાણા વાસણમાંથી જેમ પાણી કે દૂધ વહી જાય, એમ જીવનમાં કશી જ અસર ઉપજાવ્યા વિના, તે એક કાનેથી સાંભળી, બીજા



કાનેથી બહાર નીકળી જાય છે. સાંભળ્યાનો પરિશ્રમ વૃથા ઠરે છે.

એટલે સૌ પ્રથમ આત્મિક માર્ગે આગળ વધવા ઈચ્છતા સાધકે પાત્રતા કેળવવાની રહે. એનું ધ્યાન સાધકે રાખવું જ જોઈશે; નહીં તો સિંહણનું દૂધ જેમ સુવર્ણ સિવાયના પાત્રમાં રહેતું નથી, તેમ સંતપુરુષોના સદ્દુપદેશો ત્યાગ અને વૈરાગ્ય વિનાના હૃદયમાંથી નીકળી જશે. માત્ર સાંભળવાનો કે વાંચવાનો સંતોષ જ મનમાં રહેશે. વ્યાવહારિક જીવનમાં એની કોઈ અસર જણાશે નહીં; તેમજ આત્મિક વિકાસની કેડી ઉપર પણ કોઈ પગલાં પડશે નહીં.

આધ્યાત્મિક માર્ગમાં જે અનુસરણ કરવામાં આવે તેમાં શારીરિક શ્રમ કે વ્યાયામને ભાગ્યે જ વણી લેવામાં આવે. પૂ.માએ આ ખોટ પૂરી કરવા માટે ત્રણ વસ્તુઓ બતાવી છે. પ્રભાત ફેરી, પ્રદક્ષિણા અને પ્રણામ. જો આ ત્રણ પણ, સાધક પોતાનાં જીવનનાં દૈનિક કાર્યક્રમમાં વણી લે તો વ્યાયામની ખોટ પુરાઈ જશે એવું અમારું માનવું છે.

આપણે સૌ વારંવાર સ્વર્ગારોહણ આવીએ છીએ શ્રી પ્રભુની દિવ્ય વાતો—તેમની જ દિવ્ય વાણીમાં સાંભળીએ છીએ. પૂ.શ્રીમાની ગૂઢ અધ્યાત્મ માર્ગની વાતો સહજ રીતે જ સાંભળીએ છીએ અને તેમનાથી દૂર આપણા કાર્યક્ષેત્રમાં જતાં જ વિસરી જઈએ છીએ. તેનું શ્રવણ અને મનન કરી તેને જીવનમાં વણી લેવાનો પ્રયાસ કરતા નથી તેથી જ આપણા જીવનને શુદ્ધિ અને પવિત્રતાના માર્ગે વાળી, પૂ.શ્રીમાની દિવ્યતાને અનુભવવા માટેની પાત્રતા પામી શકતા નથી. આપણી ક્ષણિક શ્રદ્ધા તેના માટે કારણભૂત છે. જેને શ્રીમા—પ્રભુ શ્રી ચરણે સ્થિર કરી તેની સાતત્યતા જીવનમાં વણાઈ જાય તો પાત્રતા આપોઆપ વધતી જશે. જરૂર છે પૂ.શ્રીમાના સદ્‌ઉપદેશ રોજિંદા જીવનમાં વણી લઈ જીવનને સદાચારી બનાવવાની.

# માગણી પહોંચે તે પહેલા મદદ કરે તે ઈશ્વર

—ડૉ. શરદ ઠાકર

'સર, તમે ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવો છો કે નહીં?' આવો સવાલ તાજેતરમાં જ એક પેશન્ટે મને પૂછ્યો. જન્માષ્ટમીનું પર્વ જ્યારે માથા પર ગાજતું હોય, કાનમાં કાનૂડાની બંસરી ગુંજતી હોય, આંખોમાં ગોકુળના ગોવાળિયાનાં માથા પર શોભતા મોરપિચ્છના રંગો અંજાયેલા હોય ત્યારે કોઈ આવો સવાલ પૂછે તો એનો એક જ જવાબ હોઈ શકે જે મેં એને આપ્યો, 'હા, હું ઈશ્વરની સાક્ષીએ કહું છું કે હું ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા ધરાવું છું. ક્ષણ—ક્ષણમાં અને કણ—કણમાં હું ઈશ્વરની કૃપાને મહેસૂસ કરી રહ્યો છું. મારા છ દાયકાના જીવન પ્રવાસમાં દર દસ વર્ષે મને આવો જ સવાલ પૂછવામાં આવતો રહ્યો છે. દાયકે—દાયકે મારો જવાબ બદલાતો રહ્યો છે, પણ આજે મેં જે જવાબ આપ્યો છે તે કાયમી છે, આખરી છે અને અપરિવર્તનશીલ છે, કારણ કે આ કોઈ માન્યતા કે મંતવ્ય નથી, જે પુસ્તકોના વાચનમાંથી કથાકારોનાં પ્રવચનોમાંથી કે આસ્તિકો—નાસ્તિકો વચ્ચેના વિતંડાવાદમાંથી જન્મી હોય, આ શ્રદ્ધા તો પાછલાં દસ—પંદર વર્ષનાં નિજી અનુભવોમાંથી આકાર પામેલી છે.'

આ એક હકીકત છે, વાસ્તવિકતા છે. જ્યારે હું બાળક હતો ત્યારે કોઈ પણ પ્રકારના તાર્કિક કારણ વગર જ આસ્થાવાન હતો. બાલ્યાવસ્થામાં કોઈ પણ બાળકના મન પર સૌથી મોટો પ્રભાવ એની માતાનો હોય છે. હું પણ આ બાબતમાં અપવાદ ન હતો. રોજ મારી બાની આંગળી ઝાલીને મંદિરમાં જતો હતો.



એમાં તમામ દેવી—દેવતાઓનાં દર્શન સમાવિષ્ટ રહેતાં હતાં. ભગવાન શંકર, માતા પાર્વતી શરૂથી જ મારા આરાધ્ય ઈષ્ટ દેવ—દેવી. વક્રતુંડ મહાકાય ગણેશજી તો કોને ન ગમે? પવનપુત્ર હનુમાનજી મારા માટે પરમ શ્રદ્ધાનું કેન્દ્ર. એ સિવાયનાં પણ તમામ દેવી—દેવતાઓને હું શ્રદ્ધાપૂર્વક નમન કરતો રહેતો હતો.

પછી ઈશ્વરકૃપાથી મને સત્તરમા વર્ષે મેડિકલ કોલેજમાં પ્રવેશ મળ્યો. વિચારો પર અંગ્રેજી ભાષાની સાથે અંગ્રેજી વિચારોનો પણ પ્રભાવ વધતો ગયો. જે કંઈ બાકી હતું તે તબીબી અભ્યાસક્રમે પૂરું કર્યું. હું બધાની વાત નથી કરતો, પણ ઘણા બધા મેડિકલ સ્ટુડન્ટ્સ ડૉકટરીનું ભણતાં—ભણતાં ઈશ્વરથી દૂર થઈ જતા હોય છે. મૃતદેહની ચીરફાડ કરીને અમે માનવદેહનાં તમામ રહસ્યો સમજી લેવાનું અભિમાન ધરાવતા બની જઈએ છીએ. પછી એનેટોમી, ફિઝિયોલોજી, પેથોલોજી અને ફાર્મેકોલોજી ભણી લીધા પછી અમને એવું લાગે છે કે મનુષ્યની તમામ બીમારીઓ અને એની સારવાર અમે, માત્ર અમે જ જાણીએ છીએ. આમાં ઈશ્વરનું તો કોઈ યોગદાન ક્યાંય દેખાતું નથી. ડૉક્ટર બની ગયા પછી સમજાયું કે અમે તો માત્ર માધ્યમ છીએ. ઓપરેશન સારવાર ભલે અમે કરીએ, પણ દર્દીઓને સાજાં તો ઈશ્વર જ કરે છે.

ઉંમરનાં ચાળીસથી પચાસ વચ્ચેનાં વર્ષોમાં હું ફરી પાછો નાસ્તિક બની ગયો. ભગવાને માનવીનું સર્જન નથી કર્યું, પણ માણસે જ ભગવાનનું સર્જન કર્યું છે એ હદ સુધી હું માનવા લાગ્યો.

અને પછી જિંદગી એક ઠહેરાવ પર જઈ પહોંચી. પાકટ અનુભવોમાંથી એક સમજ પ્રગટી. એવા એવા બનાવો જોયા, જાણ્યા અને અનુભવ્યા કે મને ખાતરી થઈ ગઈ કે કોઈ પરમ તત્ત્વ જેવું છે અને અવશ્ય છે જ. એને તમે તમારી શ્રદ્ધા પ્રમાણે માની શકો છો, મેળવી શકો છો, પૂજી શકો છો અને ચાહી શકો છો. હા, ઈશ્વર ચાહવા જેવો પણ હોય છે અને એમાં શ્રીકૃષ્ણ પ્રથમ ક્રમાંકે આવે છે.

મારી અસંખ્ય અંગત અનુભૂતિઓમાંથી એક હું તમારી સાથે 'શેર' કરું છું.

★ ★ ★

અમદાવાદનો એક 'પોશ' વિસ્તાર. શેઠાણી સવારના પહોરમાં સોફામાં બેસીને ટીવી જોતાં હતાં. ઘરકામ માટે રાખેલી બાવીસેક વર્ષની નંદા (મરાઠી યુવતી) કચરો વાળતાં વાળતાં ઊભી રહી ગઈ, 'શેઠાણી, એક વિનંતી છે.'

'બોલ !',

'થોડાક રૂપિયા આપોને ! ધીમે ધીમે પગારમાંથી કાપી લેજો. મારા દિનુની ભણવાની ફી ભરવાની છે.'

'પૈસા ? હજુ ત્રણ દી' પહેલાં તો તું પૂરો પગાર લઈ ગઈ છે. બે હજાર રૂપિયાનો ઉપાડ કર્યો છે એ પાછા વાળવાની તો વાત નથી કરતી. ત્યાં બીજા માગવા...?, 'એ બે હજાર તો મારા ઘરવાળાની બીમારી વખતે માગ્યા હતા. હું તમારી પાઈ–પાઈ ચૂકવી દઈશ બહેન, પણ જો આ અઠવાડિયામાં ફી નહીં ભરું તો દિનુને શાળામાંથી કાઢી મૂકશે.'

મોટાભાગના માણસો પાસે તમે જ્યારે મદદ માટે જાવ છો



ત્યારે તેઓ મદદ નથી આપતા, પણ સલાહ આપે છે.

શેઠાણીએ સલાહ આપી, 'તમારાં છોકરાંઓને વળી ફી શાની આપવાની હોય ? મ્યુનિસિપલ સ્કૂલમાં તો મફતમાં ભણવાનું હોય છે.'

નંદાની આંખોમાં દીકરા માટેનું ગૌરવ અંજાઈ ગયું, 'મારો દિનુ મ્યુનિસિપાલિટીની નિશાળમાં નથી ભણતો, એને તો પ્રાઈવેટમાં મૂક્યો છે. ભણવામાં એ હોશિયાર છેને એટલે. ભલે એને ભણાવવા માટે અમારે મજૂરી કરવી પડે, પણ મોટો થઈને એ...'

એક ગરીબ જનેતા એના હોશિયાર પુત્રના ઉજ્જવળ ભવિષ્યનો નકશો શબ્દોરૂપે ચીતરી રહી હતી ત્યારે શેઠાણી બીજી કઈ સલાહ આપવી એનો વિચાર કરતી હતી.

'નંદા, તારી તો બે સગી બહેનો પણ અમદાવાદમાં જ છેને ? એ તને મદદ નહીં કરે ?'

'ક્યાંથી કરે બહેન ? એ બંને પણ મારી જેમ જ ઘરકામ કરે છે. અમારા ત્રણેયના ઘરવાળાઓ રસ્તા પર પડેલા કાગળો વીણવાનું કામ કરે છે. બે ટંક ખાવાનું માંડ મળે છે ત્યાં...અને બહેન, વાત એવી છે કે એ બંને બહેનોનાં ત્રણ બાળકો માટે પણ ફીના રૂપિયા ભેગા કરવાના છે. વચેટ બહેનનો દીકરો–દીકરી અને નાની બહેનનો દીકરો એ બધાં એક જ નિશાળમાં ભણે છે.'

શેઠાણીના હાથમાં તે દિવસનું 'દિવ્ય ભાસ્કર' હતું અને દિમાગમાં ત્રીજી સલાહનો ઉદ્ભવ થઈ રહ્યો હતો. 'તો તું અને તારી બંને બહેનો મળીને આ લેખકને મળો ! એ છાપામાં ઘણીવાર આવી સેવાભાવી પ્રવૃત્તિઓ વિશે લખતો હોય છે. એ

ક્યાંકથી સગવડ કરી આપશે. હું જાણું છું કે એમનું ઘર ક્યાં આવ્યું છે. ડૉક્ટર છે. પહોંચી જાવ !' જા બિલાડી મોભામોભ.

★ ★ ★

બપોરના એક વાગ્યાનો સમય. ત્રણ અજાણી બહેનો મને મળવા માટે આવી પહોંચી. શેઠાણી સાથેનો સંવાદ રજૂ કર્યો. જે શાળામાં ચારેય બાળકો ભણતાં હતાં એ શાળાના આચાર્યની નોટિસ બતાવી. પૂરી ટર્મના ચાર વિદ્યાર્થીઓની ફીના કુલ અગિયાર હજાર એકસો એક રૂપિયા થતા હતા.

'બહેનો, પહેલો આભાર તમારી શેઠાણીનો જેણે કોઈ પણ કારણે (ભલે બહાના હેઠળ) તમને મારી પાસે મોકલી આપ્યાં, પણ એક તકલીફ છે. આ પ્રશ્ન એક કે બે વર્ષ પૂરતો નથી, છેક બારમા ધોરણ સુધીનો છે. મારાં સંસાધનો સીમિત છે અને તમારી જરૂરિયાત લાંબી છે. તમારી પાસે ફી ભરવા માટે કેટલો સમય છે ?'

'ત્રણ દિવસ. ચોથા દિવસે ચારેય બાળકોને નિશાળમાંથી કાઢી મૂકશે.'

'એવું નહીં થાય. મને વિશ્વાસ છે ભગવાન ઉપર. એ જરૂર કોઈક રસ્તો કાઢી આપશે.' મેં ત્રણેય માતાઓને ભરોસો આપીને વિદાય કરી, 'મને એક દિવસનો સમય આપો.'

હું વિચારવા લાગ્યો. મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવા માટે મેં અલગ અલગ ભગવાનો રાખ્યા છે. કલ્યાણની યાચના માટે ભોળાનાથ, સ્ત્રી–શક્તિનાં આશીર્વાદ માટે જગજ્જનની મા પાર્વતી, મંગલ કાર્યની સફળતા માટે ગણપતિ દાદા, શક્તિ સંચાર માટે અંજનીપુત્ર વગેરે વગેરે ! સરકારમાં દરેક કામ માટે



અલગ મંત્રી અને અલગ ખાતું હોય છેને, પણ મારી અત્યારની સમસ્યા માટે એક જ 'મંત્રીશ્રી' મને યાદ આવ્યા : શ્રીકૃષ્ણ.

કાનુડાના સરનામે પ્રાર્થનાપત્ર રવાના કરી દઈને હું મારા વિકલ્પો ફંફોસવા બેઠો. સોશિયલ મીડિયા પર તો હું સક્રિય નથી. વોટ્સએપ પર એ સમયે નવોસવો હાથ અજમાવતો થયો હતો. મારા વાચકો સાથે સંપર્કમાં રહેવા માટે થોડાંક ગ્રૂપ્સ બનાવ્યાં હતાં. સાવ પાગલ જેવો વિચાર મારા દિમાગમાં ઝબકી ગયો. એને વિચાર ન કહેવાય, તરંગ જ કહેવાય. એક મેસેજ પણ મેં તૈયાર કરી નાંખ્યો. જે ઘટના ઘટી હતી એનું શક્ય એટલા ઓછા શબ્દોમાં બયાન કર્યા પછી દરેક ગ્રૂપ પાસેથી ફક્ત એક એક હજાર રૂપિયાની માગણી 'ટાઈપ' કરી હતી. દરેક ગ્રૂપમાંથી એક એક સભ્ય માત્ર દસ જ રૂપિયા આપે તો પણ મારું કામ પૂરું થઈ જાય.

મેસેજ લખ્યા પછી હું અવઢવમાં પડ્યો, 'શું હું આ બરાબર કરી રહ્યો હતો ? મારી પાસે ધનવાન દાતાઓ પણ છે જ, જેઓ અગિયાર હજારને બદલે અગિયાર લાખ પણ આપી શકે અને એ જ તો તકલીફ હતી. માખીને મારવા માટે તલવાર વપરાય ખરી ? તો શું કરવું ? મેસેજને 'સેન્ડ' કરી દઉં ?'

ત્યારે કોઈ માની ન શકે તેવી ઘટના બની ગઈ. એક 'અનસેવ્ડ' નંબર પરથી મેસેજ આવ્યો. હું શબ્દશઃ ટાંકું છું, 'હાય ! સર, તમે જ ડૉ. શરદ ઠાકર છોને ? હું અભિષેક સોની. સિંગાપુરથી મેસેજ કરું છું. સર, બહુ મોટો માણસ નથી. અહીં જોબ કરું છું, પણ તમારા લેખો વાંચીને ગરીબો માટે કંઈક કરી છૂટવાનું મન થાય છે. અત્યારે મારી પાસે એક નાની રકમ

જમા થઈ છે. જો તમારા ધ્યાનમાં કોઈ...'

મેં પેલો મેસેજ પડતો મૂક્યો. અભિષેકને જવાબ આપ્યો, 'મારા ધ્યાનમાં છે, ભાઈ ! આ ક્ષણે જ છે. ત્રણ ગરીબ માતાઓ ચાર તેજસ્વી વિદ્યાર્થીઓ. જો ફી નહીં ભરાય તો...તારી નાની રકમનો આંકડો જણાવ.'

'અગિયાર હજાર છે. ચાલશે ?'

'અરે ! દોડશે ભાઈ, એક આખી ટર્મ સુધી દોડશે.' મારી આંગળીઓમાં કંપન હતું, આંખોમાં ખળખળતી નદી અને ભરાયેલા ગળામાં શ્રદ્ધા હતી, 'વાહ કાનુડા ! હિસાબ બરાબર જાળવ્યો છે. બાકીના ૧૦૧ રૂપિયા તેં મારા માટે રાખ્યાને ? ચાલ, આપ્યા તને ! તું જો આટલો હાજરાહજૂર રહેતો હોય તો આટલો ચાંલ્લો તો મારે આપવો જ પડેને !' (શત–પ્રતિશત સત્યઘટના. ડોક્યુમેન્ટરી પુરાવા સાથે. અભિષેક હાલમાં પણ સિંગાપુરમાં છે.)

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# જીવનની ચાર મહાભૂલો

—સ્વામી કાશિકાનંદજી

**यस्यात्मबुद्धिः कुणपे त्रिधातुके**
**स्वधीः कलत्राविषु मौम इज्यधीः ।**
**यत्तीर्य बुद्धिः सलिले न कर्हिवि**
**ज्जनेष्वभिज्ञेषु स एव गोखरः ॥**

ભાષાંતર :—

**ગણે ત્રિદોષી વપુને જ આત્મા**
**સ્વધી કલત્રે, પ્રતિમા જ પૂજ્યં**
**સલિલને તીર્થ જ માનતા જે**
**લહે ન તત્ત્વ, મૂઢ એ ખરા ખરે !**

શ્રીમદ્ ભાગવતના દસમા સ્કંધના ૮૪મા અધ્યાયનો આ તેરમો શ્લોક છે. ભગવાન શ્રી કૃષ્ણચંદ્રે ઉપરોક્ત શ્લોકમાં, મનુષ્યો જે ચાર મહાભૂલો જીવનમાં કરતા હોય છે, તે પ્રત્યે લક્ષ્ય દોર્યું છે, એટલું જ નહીં પરંતુ આવી ગેરસમજ ધરાવતા મનુષ્યને માટે પ્રભુએ ''ગોખરઃ'' શબ્દનો પ્રયોગ કર્યો છે, જેનો અર્થ છે ગાય કે ગધેડો મતલબ કે એ પશુ જેવો છે.

ભગવાન શ્રીકૃષ્ણ દર્શાવેલા આ ચાર મહાભૂલો કયી છે ? આપણે તે જોઈએ :

પ્રથમ ભૂલ એ છે કે ત્રણ ધાતુનું બનેલું આ શરીર એ જ હું છું.—એવી આત્મબુદ્ધિ. જ્યારે સાચી વાત એ છે કે નશ્વર શરીરમાં રહેલો આત્મા એ જ આપણું સાચું સ્વરૂપ છે એવી

બુદ્ધિ હોવી જોઈએ.

પોતાની સ્ત્રી, બાળકો, ઘર ને સંપત્તિ એ જ 'મારાં' છે એમ માનવું એ બીજી મહાભૂલ છે. ખરી રીતે આ બધા સંબંધો કેવળ શરીર સાથેના છે. શરીરનો નાશ થતાં, એ બધા નષ્ટ થઈ જવાના. આમ એમને આપણે પોતાના સમજી બેઠા છીએ ને એમ સમજીને જીવનવ્યવહાર કરીએ છીએ, એ બીજી મહાભૂલ છે. એક પ્રભુ સિવાય આપણું કોઈ જ નથી, એ જ સાચી બુદ્ધિ છે.

ધર્મ વિષેની યોગ્ય સમજના અભાવે આપણે એવું માનીએ છીએ કે માટી, પથ્થર કે ધાતુમાંથી બનેલી મૂર્તિ જ પૂજ્ય છે. ને તેમને પૂજીને આપણે ધર્મનું આચરણ કરી રહ્યા છીએ એવો સંતોષ લઈએ છીએ. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે તે બરોબર નથી. સાચા પૂજ્ય તો જીવંત સંતો, મહાત્માઓ કે ઓલિયાઓ છે; જે આપણા પ્રેમ, ભક્તિ અને પૂજ્યભાવના અધિકારી છે. આપણે એમના પ્રત્યે પૂજ્ય બુદ્ધિ રાખીને વ્યવહાર કરીએ, તો જીવનની ત્રીજી મહાભૂલમાંથી ઉગરી શકી.

આપણે યાત્રા નિમિત્તે તીર્થ—સ્થાનોમાં જઈએ છીએ. પવિત્ર નદીઓના જળમાં સ્નાન કરી, પાપોમાંથી મુક્ત થવાની અપેક્ષા રાખીએ છીએ. પરંતુ સાચું તીર્થ એ પેલું પાણી જ નથી, સંત પુરુષો કે જ્ઞાનીઓ દ્વારા કરાતી જ્ઞાન ચર્ચા કે પ્રભુનાં ચારિત્રોની કથાઓનું શ્રવણ એ પેલાં તીર્થ જળથી પણ વધુ પવિત્ર છે; એ સાચી સમજ છે. તેનાથી જીવનની ચોથી મહાભૂલ સુધારી શકાય છે.

દરેક મનુષ્ય રાતે સૂતા પહેલાં આ શ્લોકના ભાવાર્થનો મનમાં



વિચાર—મનન કરે તો, જીવનમાં તેને સાચા ધર્મની સમજ પ્રાપ્ત થાય છે, એટલું જ નહીં પરંતુ તેના પરિણામે અનાસક્ત બની તે પ્રભુને પામવાનો પુરુષાર્થ કરી, જીવન ધન્ય કરી શકે છે. ચાર ચરણના એક નાના સરખા શ્લોકમાં ભગવાન શ્રી કૃષ્ણે સમગ્ર ધર્મનું સાર તત્ત્વ કેવી અદ્ભુત રીતે સમાવી દીધું છે !

---

(પૃષ્ઠ ૧૩ નું અનુસંધાન)

બેઠાં. ભારતનાં રાજકારણની, ધર્મની, આર્યસમાજની વાતો થઈ.

મુલાકાત બાદ આરામ.

સાંજે લેડીસ્મિથથી ન્યુ કાસલ જવા માટે ગાડી આવી ગઈ હતી. ૧૦૦ કિલોમીટરની મુસાફરી શરૂ થઈ. માર્ગમાં ધાર્મિક ચર્ચા અંગ્રેજીમાં થઈ. જેમ કે, હવનમાં ઘી શા માટે? ધ્યાન ક્યાં ને કેવી રીતે ધરવાનું? વિગેરે વાતો થઈ. અમને લેવા આવનાર બન્ને યુવાનો હતા. તેમને ઘણો આનંદ આવ્યો.

ફરી લેનેકસ્ટીનના વિસ્તારમાં આવી ગયાં. ભારે વરસાદ હતો. પણ ગાડી તો એ જ ઝડપથી ચાલતી હતી.

સાંજે શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં 'ભક્તિયોગ' ઉપર પૂ.શ્રીનું અંગ્રેજી પ્રવચન થયું. 'ભક્તિની સાચી સમજ જરૂરી હતી અને આજે આપે પ્રવચનમાં એ જ વિષયની સુંદર ચર્ચા કરી. ઘણું જાણવાનું મળ્યું' વિગેરે વાતો પ્રવચન બાદ સાંભળવા મળી.

પ્રવચન બાદ ફરી ઉતારા ઉપર આવી ગયાં. દૂધ-ફળ લઈને આરામ કર્યો.

★ ★ હરિઃ ૐ ★ ★